Digital Copy

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

# ગરવી I ❤ Gujarat ગુજરાત

Gujarati Weekly Community Newspaper

| Vol. 1 | Issue 40 | 14 March 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |

# સાઉથલેક સીનીયર કલબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ





## ભજનથી શરૂઆત, ફિલ્મી ગીતો અને કવાલીથી રંગીન બન્યો કાર્યક્રમ







## ગરવી ગુજરાતમાંથી ઉપસ્થિત સુક્ષેશ પટેલે પોતાના અનોખા અંદાજમાં ફિલ્મી ગીત રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા

સાઉથલેક સીનીયર કલબ કેનેડા ફાઉન્ડેશન દ્વારા માર્ચ 14, 2026 ના દિવસે વર્ષ 2025-26 નો છેલ્લો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમા આશરે 150 વરિષ્ઠ નાગરિકો એ ઉત્સાહભેર ભાગ લીધો. વર્ષ 2025-26 નાં દરેક માસ માં એક કાર્યક્રમ નું આયોજન ગોઠવવા માં આવેલ. જયારે બે જૂથ પિકનિક સુંદર સ્થળે રાખેલ, જેમા વરિષ્ઠ નાગરિક ભાગ લઈ શકે તેવી રમતો, સુંદર ગીતો, ચા-નાસ્તો, ભોજન, વગેરે થી દરેકે આનંદ માણ્યો હતો. આ ઉપરાંત એક બહાર ના દેશ નાં પ્રવાસ નું એક અઠવાડિયું પણ આયોજન કરેલ હતું, જેમા ભાગ લીધેલ દરેક વરિષ્ઠ નાગરિકો ને ખૂબ જ મોજ પડી હતી.

હરહંમેશ ની જેમ આ વખતે પણ આ કલબ ના પ્રમુખ અમિત ભટ્ટ દ્વારા કાર્યક્રમની ટૂંકી માહીતી રજુ કરી સભા સંચાલન સેક્રેટરી રેહાના ને સોંપવા માં આવ્યુ હતું. કાર્યક્રમ ની શરૂઆત ભજન થી કરવા માં આવી, જેની રજુઆત વૈજંતિબેને કરી હતી. જુના અને નવા યુગ ના ફિલ્મ આધારિત ગીતો હર્ષા ભટ્ટ, અરુણ દવે, વર્ષાબેન શાહ, અનિલ ભાવસાર, હરિશ અમિન, ભાનુ મિસ્ત્રી અને ઈશ્વર પટેલે રજુ કરી સર્વે તરબોળ કરી આનંદ અપાવ્યો હતો.

સાઉથલેક સીનીયર કલબ કેનેડા ફાઉન્ડેશન ના આમંત્રણ ને માન આપી પધારેલ મેયર પેટ્રીક બ્રાઉન અને રીજિયોનલ કાઉન્સિલર પોલ વિસેન્ટ દ્વારા હોળી તહેવાર અને ઈદ મુબારક નું મહત્વ સમજી સર્વે ને શુભેચ્છા પાઠવી હતી. તેઓ એ હોળી ના રંગબેરંગી રંગો ની જેમ બધા નું જીવન સુખમય અને સ્વાસ્થ્યપ્રદ રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી. પ્રસંગ ને દીપાવવા જુદા જુદા સ્વાસ્થ્યપ્રદ રંગો થી ત્યાં જ ધુળેટી ની ઉજવણી કરી હતી.

સુશીલભાઈ એ હોળી પર્વ પર કવિતા રજુ કરેલ. જ્યારે રજની અને તેમના ગૃપે (મિતા, મીના, શિલ્પા, વર્ષા અને દક્ષા) હોળી તહેવાર આધારિત નૃત્ય રજુ કર્યુ હતુ.

અનુસંધાન પાન નં. 6 પર

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

14 માર્ચ આવતા શનિવાર સુધી

**મેષ રાશિ અ, લ, ઈ** આ સપ્તાહ નવા કામની શરૂઆત માટે શુભ છે. નોકરીમાં પ્રગતિના સંકેત મળશે. વ્યવસાયમાં નવી ડીલ થઈ શકે છે. પરિવાર સાથે થોડો મતભેદ થઈ શકે, પરંતુ શાંતિ રાખશો તો ઉકેલ આવશે. આરોગ્ય સામાન્ય રહેશે.

**વૃષભ રાશિ બ, વ, ઉ** આર્થિક રીતે લાભદાયક સમય છે. રોકાણ માટે યોગ્ય તક મળી શકે. પ્રેમ સંબંધોમાં મીઠાશ વધશે. કામમાં થોડી દોડધામ રહેશે. આરોગ્યમાં પેટ સંબંધિત તકલીફ થઈ શકે.

**મિથુન રાશિ ક, છ, ઘ** નવા લોકો સાથે સંપર્ક વધશે જે ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થશે. નોકરીમાં બદલાવની શક્યતા છે. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે. પરિવારનો સહયોગ મળશે.

**કર્ક રાશિ ડ, હ** આ સપ્તાહ ભાવનાત્મક રીતે થોડું ભારે રહી શકે. જૂના પ્રશ્નો ફરી ઉઠી શકે. કામમાં ધ્યાન કેન્દ્રિત કરશો તો સફળતા મળશે. ખર્ચ વધવાની શક્યતા છે.

**સિંહ રાશિ મ, ટ** તમારી મહેનતનો યોગ્ય પરિણામ મળશે. પ્રમોશન કે માન-સન્માન મળી શકે. મિત્રો સાથે સમય પસાર થશે. આરોગ્યમાં થોડું ધ્યાન રાખવું.

**કન્યા રાશિ પ, ઠ, ણ** આ સપ્તાહ મિશ્રિત પરિણામ આપનાર છે. કામમાં અવરોધ આવી શકે, પરંતુ ધીરજથી પાર પાડી શકશો. ઘરેલું વાતાવરણ સારું રહેશે. આરોગ્યમાં થાક અનુભવાઈ શકે.

**તુલા રાશિ ર, ત** નવા કામમાં સફળતા મળશે. ધંધામાં વૃદ્ધિ થશે. જીવનસાથી સાથે સંબંધ મજબૂત બનશે. પ્રવાસનો યોગ છે. આર્થિક સ્થિતિ મજબૂત બનશે.

**વૃશ્ચિક રાશિ ન, ય** થોડા પડકારો આવી શકે, ખાસ કરીને નોકરીમાં. કોઈ સાથે વિવાદ ટાળવો. ધીરજ રાખશો તો પરિસ્થિતિ સુધરશે. આરોગ્યમાં ધ્યાન આપવું જરૂરી.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** આ સપ્તાહ ઉત્સાહભર્યું રહેશે. નવી તક મળશે. મિત્રોનો સહયોગ મળશે. પ્રેમ જીવન સારું રહેશે. પ્રવાસથી લાભ થઈ શકે.

**મકર રાશિ ખ, જ** કામમાં પ્રગતિ થશે, પણ દબાણ પણ રહેશે. આર્થિક બાબતોમાં સાવધાની રાખવી. પરિવાર સાથે સમય પસાર કરશો તો મન પ્રસન્ન રહેશે.

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** નવા વિચાર અને નવી શરૂઆત માટે સમય ઉત્તમ છે. ધંધામાં લાભ થશે. સામાજિક પ્રતિષ્ઠા વધશે. આરોગ્ય સારું રહેશે.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** આ સપ્તાહ શાંત અને સ્થિર રહેશે. જૂના કામ પૂર્ણ થશે. આર્થિક સ્થિતિ સુધરશે. પરિવાર સાથે આનંદદાયક સમય પસાર થશે.

શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054
વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો

તંત્રી લેખ

# આવતા સપ્તાહના પર્વ: ચૈત્રી નવરાત્રિ, દુર્ગા અષ્ટમી, રામનવમી અને શહીદ દિવસ






**તારીખ: 22-27 માર્ચ 2026**

આ સપ્તાહે જીવન, શક્તિ અને દેશભક્તિનો સંદેશ આપતા તહેવારો ઉજવાયા છે. ચૈત્રી નવરાત્રિ, દુર્ગા અષ્ટમી, રામનવમી અને શહીદ દિવસ આધ્યાત્મિક અને સામાજિક દૃષ્ટિએ મહત્વપૂર્ણ છે.

**ચૈત્રી નવરાત્રિ (19-27 માર્ચ)**

નવરાત્રિના નવ દિવસ શ્રદ્ધાળુઓ નવ રૂપ દેવીનું પૂજન કરે છે. આ સમય આત્મવિશ્લેષણ અને નૈતિક ઉન્નતિ માટે પ્રેરક છે.

મુખ્ય મુદ્દા: નવદુર્ગાના વિવિધ રૂપો અને અર્થ, આધુનિક જીવનમાં વ્રત અને તહેવારનું મહત્વ, રંગો, પૂજા વિધિ અને સમાજમાં પ્રભાવ

**દુર્ગા અષ્ટમી (26 માર્ચ)**

નવરાત્રિના આઠમો દિવસ સ્ત્રી શક્તિ, કરુણા અને સામાજિક જવાબદારીની પ્રેરણા આપે છે. અષ્ટમીમાં કન્યા પૂજા અને સંદી પૂજા વિશેષ રીતે કરવામાં આવે છે.

મુખ્ય મુદ્દા: અષ્ટમીનું ધાર્મિક અને સામાજિક મહત્વ, મહિલાની સશક્તિકરણમાં પ્રેરણા, પરંપરા અને આધુનિક જીવનમાં જોડાણ



**રામનવમી (26-27 માર્ચ)**

ભગવાન રામના જન્મ દિવસના અવસર પર ન્યાય, ધર્મ અને કરુણાના મૂલ્યો યાદ કરાવે છે.

મુખ્ય મુદ્દા: રામજીના જીવનના 3 મૂલ્યો: નિષ્ઠા, ધર્મ, કરુણા, આધુનિક જીવનમાં તેમના ઉપદેશનો ઉપયોગ, મેળા અને સમાજમાં પ્રભાવ

**શહીદ દિવસ (23 માર્ચ)**

ભારતના યુવાન ક્રાંતિકારો - ભગતસિંહ, સુખદેવ, શિવરામ રાજગુરુ - ના બલિદાનની યાદગાર. યુવાનોમાં દેશભક્તિ અને સમર્પણની ભાવના જગાવે છે.

મુખ્ય મુદ્દા:

યુવાનોની સાહસિકતા અને સમર્પણ, સ્વતંત્રતા માટેના બલિદાન, દેશપ્રેમ અને સમાજ માટે સંદેશ



**નિષ્કર્ષ**

આ સપ્તાહના પર્વ જીવનમાં શક્તિ, ન્યાય, કરુણા અને દેશભક્તિની શીખ આપે છે. નવરાત્રિ અને અષ્ટમી આત્મવિશ્વાસ અને શક્તિ પ્રેરે છે, રામનવમી ન્યાય અને કરુણાના મૂલ્યો પ્રગટાવે છે, અને શહીદ દિવસ દેશપ્રેમની યાદ અપાવે

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો

વસ્ત્રાહરણનું સાહસ અને એકલો દુઃશાસન, કઈં કેટલાયની એમાં મુક સંમતિ રહી હશે.
રઈશ મણિયાર.
Sankalan by
Dr Prakashbhai Thakkar Kalol Gujrat

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.

# રવિ પટેલનું 'રાઈટ એટ હોમ' એવોર્ડ્સમાં સન્માન

## અનુભવનું ભાથું: 5 વર્ષથી વધુનો બહોળો અનુભવ અને ગ્રાહકોનો અતૂટ વિશ્વાસ



વિદેશની ધરતી પર વધુ એક ગુજરાતીએ પોતાની મહેનત અને સૂઝબૂઝથી સફળતાનું શિખર સર કર્યું છે. જાણીતા રિયલ એસ્ટેટ નિષ્ણાત રવિ પટેલે તાજેતરમાં યોજાયેલા '2025 એવોર્ડ્સ - સેલિબ્રેટિંગ એક્સલન્સ' કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવી સમાજનું નામ રોશન કર્યું છે. 'રાઈટ એટ હોમ' (Right At Home) રિયલ્ટી બ્રોકરેજ સાથે જોડાયેલા રવિ પટેલને તેમની ઉત્કૃષ્ટ કામગીરી, ગ્રાહક સંતોષ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રે આપેલા યોગદાન બદલ આ સન્માન આપવામાં આવ્યું છે.

### સફળતાની સફર

રવિ પટેલ છેલ્લા 5 વર્ષથી વધુ સમયથી આ ક્ષેત્રમાં કાર્યરત છે. તેમની કાર્યશૈલીની વિશેષતાઓ નીચે મુજબ છે:

પર્સનલાઇઝ્ડ ગાઈડન્સ: ખરીદદારો અને વેચાણકર્તાઓ માટે સચોટ માર્ગદર્શન.

પારદર્શક સેવા: ગ્રાહકો સાથે વિશ્વાસપાત્ર અને સ્પષ્ટ વ્યવહાર.

### ડિજિટલ હાજરી

સોશિયલ મીડિયા અને ગૂગલ પર ગ્રાહકો દ્વારા મળેલા શાનદાર રિવ્યૂઝ તેમની લોકપ્રિયતા સાબિત કરે છે.

આ પ્રસંગે રવિ પટેલે જણાવ્યું હતું કે, આ એવોર્ડ તેમના ગ્રાહકોના વિશ્વાસ અને સતત પરિશ્રમનું પરિણામ છે. તેઓ આગામી સમયમાં પણ લોકોને તેમનું 'ડ્રીમ હોમ' શોધવામાં મદદરૂપ થતા રહેશે.

### સંપર્ક વિગત

જો તમે પણ ઘર ખરીદવા કે વેચવા માટે એક્સપર્ટની સલાહ લેવા માંગતા હોવ, તો રવિ પટેલનો સંપર્ક કરી શકો છો: ફોન: +1 (519)-991-7196, વેબસાઈટ: www.buywithravi.realtor, ઈન્સ્ટાગ્રામ: @realtorravipatel





ABHAY JOSHI Mortgage
Abhay Joshi
(Mortgage Agent Level 2)
AFFINITY MORTGAGE SOLUTIONS INC
INDEPENDENTLY OWNED AND OPERATED
FSRA LIC # 13093
MORTAGE
EXPERT
CONTACT US
UNLOCK YOUR DREAM HOME WITH
EXPERT MORTGAGE GUIDANCE
Residential mortgage
Commercial mortgage
Refinancing, Home equity loans
Business Line of Credits
Business Loans (CSBFL)
And many more
Call today to schedule
a consultation
CELL : (647) 409-5848
Lic #M22003707

# PARIN SHAH

INSURANCE & INVESTMENT ADVISOR

647-673-3344 parinmshah@gmail.com



## EXPLORE PART-TIME OPPORTUNITIES

**Insurance and Investment**

### Benefits:

- We'll reimburse initial expenses and fees for serious candidates
- Part-time opportunity with flexible hours
- Coaching and Training throughout the journey
- A Comprehensive understanding of Investments and Insurance: The Mechanics of Money Management
- Effectively manage your personal finances
- Commission-based earning opportunity

Call Me | Schedule an appointment | Mortgage Solution | Auto & Home Insurance

For the past decade, we have provided a wide range of financial products to support clients' peace of mind and well-being. Our services include:

- **Life Insurance** for loved ones' security
- **Travel, Visitor, and Super Visa Insurance** for journey protection
- **Health, Dental, and Vision Insurance** for medical needs
- **Disability Insurance** for unforeseen circumstances
- **Financial Need Analysis** for effective planning
- **Debt Consolidation** to manage financial burdens
- **Investment** options like **RRSP, TFSA, FHSA, and RESP** for future savings

# સાઉથલેક સીનીયર કલબ દ્વારા વર્ષભરની પ્રવૃત્તિઓને મળ્યો સમાપન સ્પર્શ








અરૂણ ભટ્ટ અને વર્ષા શાહ દ્વારા જુના સમય માં ઉજવાતો હોળી નો તહેવાર અંગે પર્ફોમન્સ રજુ કરેલ, તેવીજ રીતે ફિલ્મ ગીત આધારિત નૃત્ય અને કવાલી રજુ કરી સર્વે ને ભાવવિભોર કર્યા હતા. કેલી પટેલે સુંદર ગજલ રજુ કરી હતી. રેહાના હાફીઝે કવાલી ની રજુઆત કરેલ જેનો સાથ હર્ષા ભટ્ટ અને કેલી પટેલે આપેલ.

ગરવી ગુજરાત માં થી ઉપસ્થિત સુક્ષેશ પટેલે તેમના અનોખા રાગ માં ફિલ્મ ગીત રજુ કરી બધા ને આનંદ અપાવ્યો હતો.

માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ માં જગદીપે જણાવેલ કે, વરિષ્ઠ નાગરિકો માટે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ એ માનસિક અને ભાવનાત્મક સુખાકારી મહત્વપૂર્ણ છે. તેણી એ જણાવેલ કે, વૃદ્ધાવસ્થા માં માનસિક બીમારીઓ આવવી સામાન્ય બાબત છે, એવી ગેરસમજ દૂર કરવા નો પણ આ પ્રયત્ન છે. આ જાગૃતિ માં એકલતા, ઉદાસીનતા (ડિપ્રેશન) અથવા સ્મૃતિ માં ઘટાડા જેવા લક્ષણો ને ઓળખવા નું મહત્વ છે અને વરિષ્ઠ નાગરિકો ને યોગ્ય માર્ગદર્શન, સારવાર અને સહાય ઉપલબ્ધ થાય તે માટે પ્રોત્સાહન આપવા અંગે ની ચર્ચા રજુ કરી. આ રીતે, માનસિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા વધારવા થી વરિષ્ઠ નાગરિકો વધુ સ્વસ્થ, આત્મવિશ્વાસપૂર્ણ અને આનંદમય જીવન જીવી શકે છે.

સાંસદ અમનદીપ સોઢી એ વરિષ્ઠ નાગરિકો માટે યોજાયેલા માનસિક આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ ની પ્રશંસા કરી અને વર્ષભર ક્લબ દ્વારા આયોજિત વિવિધ પ્રવૃત્તિઓ ને પણ ખૂબ બિરદાવ્યાં. આ પ્રસંગે તેઓ એ અને સાંસદ મનિન્દર સાધુ એ સાઉથલેક સીનીયર સીટીઝન કલબ કેનેડા ફાઉન્ડેશન ને કૃતક્ષતા પ્રમાણપત્ર અર્પણ કર્યુ હતુ.

એ અને આર માં થી પધારેલ ગ્રેસ અને રહમા એ વરિષ્ઠ નાગરિક ના મુશ્કેલી ના સમયે ઘેર બેઠા કેવી સુવિધાઓ મેળવી શકાય તે અંગે રજુઆત કરતા જણાવેલ કે, આવી સેવા મુખ્યત્વે વરિષ્ઠ નાગરિકો અને વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે આપવા માં આવે છે. દૈનિક કાર્યો (જેમ કે સ્નાન, ખાવા, ચાલવા)માં મદદ તેમજ તબીબી જરૂરિયાતો માં સહાય આપવી. વ્યક્તિગત સંભાળ, નર્સિંગ સેવા, થેરાપી (સારવાર) તથા અન્ય આવશ્યક સહાય સેવાઓ મેળવી શકાય છે તે અંગે વિસ્તૃત માહીતી રજૂ કરી હતી.

કાર્યક્રમ ની શરૂઆત બાદ આશરે એક કલાકે ચા-નાસ્તો (દાબેલી અને રસગુલા) સ્વયંસેવકો થકી સર્વે ને ટેબલ પર વહેંચવા માં આવેલ. સાંજ ના ભાવતા ભોજન માં કેસર શીંખડ, પુરી, દહીંવડા, મગ ની છૂટી દાળ, લીલોતરી શાક, ભાત - કઢી, પાપડ વગેરે પીરસવા માં આવેલ. મનહર પટેલ, શંકર આરડે, રમેશ આંબલિયા, ચંદ્રકાંત પટેલ, જગદીશ પટેલ, અશ્વિન રાવલ અને જયેશ શાહે કાર્યક્રમ ના અંતે રસોડા વિભાગ માં સુવ્યવસ્થિત ફરજ બજાવી દરેક ને ભાવપૂર્વક જમાડયા હતા.




# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

** અમે ગુજરાતી બોલીએ છીએ **

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# કેનેડાની એક્સપ્રેસ એન્ટ્રીમાં ફરી JOB OFFER પોઈન્ટ્સ



સંકલન
શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ
એ એન બી ઈમિગ્રેશન

ANB Immigration Services,
Toronto - Canada
905 230 4737
info@anbimmigration.com

IRCC એ વ્યાપક સુધારાના ભાગ રૂપે, એક્સપ્રેસ એન્ટ્રી હેઠળ JOB OFFER POINTS/ LMIA POINTS પાછા લાવવાની યોજના બનાવી છે.

કેનેડાના ઈમિગ્રેશન વિભાગે એક્સપ્રેસ એન્ટ્રી EE સિસ્ટમ હેઠળ JOB OFFER માટે કોમ્પ્રિહેન્સિવ રેન્કિંગ સિસ્ટમ (CRS) પોઈન્ટ ફરીથી રજૂ કરવાની યોજના જાહેર કરી છે.

વધુ સ્પષ્ટ રીતે, ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) એ એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમ હેઠળ “JOB OFFER WITH HIGH WAGES વ્યવસાયોમાં કેનેડિયન કાર્ય અનુભવ...” ધરાવતા ઉમેદવારોને પોઈન્ટ આપવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે.

આ યોજના એ પણ જણાવે છે કે IRCC એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમના સંદર્ભમાં “જેઓ નિયમન કરેલા વ્યવસાયોમાં કામ કરવા માટે પ્રમાણિત છે તેમને કેવી રીતે POINTS આપવો” તે અંગે વિચારણા કરશે.

હાલમાં, એક્સપ્રેસ એન્ટ્રી EE સિસ્ટમ તાલીમ શિક્ષણ, અનુભવ અને જવાબદારીઓ (TEER) વર્ગીકરણના આધારે કુશળ કાર્ય અનુભવનું મૂલ્યાંકન કરે છે - કેનેડાની રાષ્ટ્રીય વ્યવસાય વર્ગીકરણ (NOC) સિસ્ટમ હેઠળ - ઉચ્ચ TEER (0, 1, 2) વ્યવસાયો સામાન્ય રીતે ઉચ્ચ વેતન મેળવે છે.

નોંધનીય છે કે, આ સિસ્ટમ હેઠળ, વેતનનું સીધું મૂલ્યાંકન કરવામાં આવતું નથી.


જોકે, કેનેડાની ઈમિગ્રેશન સિસ્ટમના અન્ય ભાગોમાં પહેલાથી જ HIGH WAGES માટે એક કાર્યકારી વ્યાખ્યા છે, જેનો ઉપયોગ વિભાગ આ નવા એક્સપ્રેસ એન્ટ્રી (NEW EXPRESS ENTRY SYSTEM ) સુધારાઓ લાગુ કરતી વખતે કરવાનું પસંદ કરી શકે છે.




આ ફેરફારથી એવા કોઈપણ ઉમેદવારોને મુક્તિ આપવામાં આવી છે જેમણે નોકરી ઓફર પોઈન્ટનો દાવો કર્યો હતો અને જેમણે પહેલાથી જ ITA મેળવ્યો હતો અથવા હાલમાં પ્રક્રિયામાં PR અરજી કરી હતી; જોકે, એક્સપ્રેસ એન્ટ્રી પૂલમાં કોઈપણ ઉમેદવારો જે નોકરી ઓફર પોઈન્ટનો લાભ લઈ રહ્યા હતા તેમના CRS સ્કોરમાં રાતોરાત 50 અથવા 200 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો.

જો આ પોઈન્ટ્સ એક્સપ્રેસ એન્ટ્રી સિસ્ટમમાં ( EE SYSTEM ; POOL TABLE ) ઉમેરવામાં આવશે તો ભવિષ્યમાં પોઈન્ટ વધી શકે છે.




HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999


THE CANADIAN HOME
Residential ✓
Commercial ✓
Industrial ✓
Turning Realty Dreams to Reality
Vatsal Makes it Happen!
GTA, Hamilton & Beyond
VATSAL DESAI
REALTOR®
+1 (416) 456 4448
RealtorVatsalDesai@Gmail.com
www.vatsaldesairealtor.com
BUY | SELL | LEASE | INVEST

# કેલગરીમાં હવાઈ યાત્રા અંગે વેબિનાર યોજાયો







**ઘનશ્યામ પટેલ (ખુશ) કેલગરી , કેનેડા .**

અવર ઓન ગુજરાતી સિનિયર સિટીઝન ફ્રેંડ્સ સર્કલ કેનેડા દ્વારા કેલગરીના ' મેપલ ટ્રાવેલ સોલ્યુશન ' ના શ્રીમતી દીનાબેન ગોઠરવાલનો ઓનલાઈન વેબિનાર યોજાયો .વિષય હતો- હવાઈ યાત્રા માટે સરળ અને ઉપયોગી ટીપ્સ .વેબિનારનો પ્રારંભ શ્રીમતી પારુલબેન ડી પટેલની પ્રાર્થનાથી થયો. ગ્રુપના આદ્ય સ્થાપક ઘનશ્યામ પટેલે વક્તા અને શ્રોતાનું હૃદયના ઉમળકા થી શબ્દ પુષ્પ દ્વારા સ્વાગત કર્યું. શ્રી સુરેશભાઈ ડી સોની ગાંધીનગરે વક્તાનો વિગતે સરસ પરિચય આપ્યો .શ્રીમતી દીનાબેને ગોલ્ડ લઈ જવાની મર્યાદા, સિનિયર સિટીઝનને બુકિંગ સમયે ધ્યાનમાં રાખવાની સારી ઉપયોગી ટીપ્સ આપી. વહીલચેર . લગેજ , ઈન્સ્યોરન્સ, ઈ-એરાઈવલ ફોર્મ , ટ્રાવેલ એપ, ઈમિગ્રેશન તેમજ અન્ય સાવચેતી રાખવાની બાબત અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપ્યા તેમજ સિનિયર સિટીઝનને હવાઈ યાત્રા દરમ્યાન મુંઝવતા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા .શ્રી આર.કે સોની, શ્રી અશોકભાઈ હિંગુ, શ્રી પિયુષ દવે, ઘનશ્યામ ગજ્જર, અલ્પા પટેલ વગેરેએ સરસ પ્રતિભાવો રજૂ કર્યા. શ્રીમતી રેખાબેન સોનીએ વક્તા અને શ્રોતાઓનો તેમના સમયદાન માટે આભાર માન્યો.


MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special
*METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)*

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફ્રેશ ... ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

D|P
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

**FINANCIAL ADVISOR**

**INSURANCE**

- Life & Critical Illness Insurance
- Mortgage Protection Insurance
- Travel & Super Visa Insurance
- Disability Insurance
- Medical Insurance

**INVESTMENTS**

- RRSP, RDSP, TFSA, RRIF & Annuities
- Children Education Plans
- Estate Planning



Contact : (647) 834-8690
@ Dharmendrapatel@primerica.com

## insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690
O : 647 507 9219 | F: 647 872 9219
dharma.patel@insureline.com | www.insurelinepearl.com
7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6
Independently Owned & Operated

# અભિગમ જ ઓળખઃ સફળતા-નિષ્ફળતા પાછળનું દૈવી તત્વ



લેખક
પરેશભાઈ શાહ
વડોદરા

તમારો અભિગમ એજ તમારી ઓળખ. સફળતા અને નિષ્ફળતાને માત્ર 'વૈયક્તિક સિદ્ધિ' તરીકે જોવાને બદલે તેને 'દૈવી પ્રસાદ' કે 'રિટર્ન ગિફ્ટ' તરીકે જોવાનો અભિગમ કેળવવો જરૂરી

સામાન્ય રીતે માનવ સ્વભાવ એવો રહ્યો છે કે જ્યારે આપણે સફળ થઈએ છીએ ત્યારે તેનો પૂરો શ્રેય આપણી આવડત, ક્ષમતા અને હોંશિયારીને આપીએ છીએ. પરંતુ જ્યારે નિષ્ફળતાના વાદળો ઘેરાય છે, ત્યારે આપણે તરત જ પરિસ્થિતિઓ, સમય કે લોકોનો વાંક કાઢવા માંડીએ છીએ. પણ શું ક્યારેય આપણે સ્થિર ચિત્તે વિચાર્યું છે કે આપણને જે મળ્યું છે, તે ખરેખર આપણી મહેનતનું જ પરિણામ છે કે તેની પાછળ કોઈ અદ્રશ્ય શક્તિનો હાથ છે?

### પુરુષાર્થ અને પ્રારબ્ધનું સંતુલન

સફળતા માટે 'Constancy of Purpose' એટલે કે ધ્યેય પ્રત્યેની અવિરત નિષ્ઠા અનિવાર્ય છે. આપણે સખત મહેનત કરીએ છીએ, રાત-દિવસ એક કરીએ છીએ, પણ શું માત્ર મહેનત જ પૂરતી છે? જીવનમાં ઘણા એવા કિસ્સાઓ જોવા મળે છે જ્યાં શ્રેષ્ઠ




સંસાધનો અને અઢળક સંપત્તિ હોવા છતાં વ્યક્તિ સફળ નથી થઈ શકતી, જ્યારે બીજી તરફ શૂન્ય સંસાધનો અને વિરુદ્ધ પરિસ્થિતિમાં પણ કોઈ વ્યક્તિ આકાશ આંબી લે છે. આ જ બતાવે છે કે સફળતા એ માત્ર મહેનત નહીં, પણ 'પ્રારબ્ધ' (નસીબ + મહેનત) નું મિશ્રણ છે.

### શૂન્યમાંથી સર્જનનો આનંદ

કોઈ સમૃદ્ધ ઉદ્યોગપતિના વંશજને મળેલી સફળતા કરતા, જે વ્યક્તિએ તોફાન અને વાવાઝોડા વચ્ચે રહીને, પોતાની આડખીલીઓ હટાવીને કંઈક મેળવ્યું છે, તેનો આનંદ અનેરો હોય છે. 'શૂન્યમાંથી સર્જન' કરનાર વ્યક્તિ માટે સફળતા એ માત્ર આંકડા નથી, પણ તેના આત્મવિશ્વાસનો પડઘો છે. આવી સફળતા માનવીને અહંકારી નહીં, પણ વધુ નમ્ર અને આદરપાત્ર બનાવે છે.

### કુદરતની 'Return Gift'

જીવનની કેટલીક ક્ષણો એટલી પરિપકવ હોય છે કે ત્યારે આપણને સમજાય છે કે સફળતા કે નિષ્ફળતા તો માત્ર સામાજિક લેબલ્સ છે. વાસ્તવમાં, ઈશ્વર આપણા અભિગમ (Attitude) ને જુએ છે. જ્યારે આપણો અભિગમ શુદ્ધ હોય અને કર્મ નિષ્ઠાપૂર્વકનું હોય, ત્યારે કુદરત આપણને વળતી ભેટ તરીકે જે આપે છે તે જ સફળતા.

એક ખેડૂત ખેતર ખેડે છે, ઉત્તમ બિયારણ વાવે છે (પુરુષાર્થ), પણ સમયસર વરસાદ પડવો અને પાક લહેરાવો એ કુદરતની મંજૂરી (દૈવ કૃપા) છે.

થોમસ એડિસને હજારો પ્રયત્નો કર્યા, પણ જે ક્ષણે સફળતા મળી તે ક્ષણે તેની મહેનત અને કુદરતી સંકેતોનો સમન્વય થયો.

### અંતિમ સત્ય

સફળતા એ કોઈ અંતિમ સ્ટેશન નથી, પણ આપણા કર્મોનું ભાથું છે. એ ઈશ્વર તરફથી મળેલું 'કર્મફળ' છે. જ્યારે આપણે નિખાલસતાથી આ બધો શ્રેય 'દૈવ ઈચ્છા' ને આપીએ છીએ, ત્યારે જ આપણે સાચા અર્થમાં જીવન જીવતા શીખીએ છીએ. સફળતાના શિખરે પહોંચીને પણ જ્યારે મન એમ કહે કે "આ તો ઈશ્વરની કૃપા છે", ત્યારે તે સફળતા સાશ્વત બની જાય છે.

EDM Elite Digital Marketing LET'S BE POPULAR
ELITE
PRINT & DIGITAL MARKETING
Lowest Price
• Business Card, Flyers, Brochures, Posters Banners etc.
• All other Printing
• Website Development
• Social Media Management/SEO
• Graphic Design
• Excel VBA consulting
• Automation Project
• Start Up Consulting
facebook Link
Chat
Let's Start!
Let's Be popular
Parth Patel
647 655 5029
Find on Google

# IPLમાં જે સારું રમશે તેને BCCI વર્લ્ડ કપમાં સિલેક્ટ કરશે: 2027ના ODI ટુર્નામેન્ટ માટે 20 ભારતીય ખેલાડીઓ શોર્ટલિસ્ટ, સિલેક્ટર્સ તેમના પરફોર્મન્સ અને ફિટનેસ પર નજર રાખશે



28 માર્ચથી શરૂ થઈ રહેલી IPL ભારતીય ખેલાડીઓ માટે ખાસ રહેવાની છે. T20 ફોર્મેટમાં રમાનારી આ લીગથી ટીમ ઈન્ડિયાની વન-ડે વર્લ્ડ કપ 2027ની ટીમ નક્કી થશે.

ન્યૂઝ એજન્સી PTIએ BCCI સૂત્રના હવાલેથી આ માહિતી આપી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની સિલેક્શન કમિટીએ 20 ખેલાડીઓને શોર્ટલિસ્ટ કર્યા છે, જેમના પ્રદર્શન પર આ IPL દરમિયાન ખાસ નજર રાખવામાં આવશે. અજીત અગરકરની આગેવાની હેઠળની સમિતિનું ફોકસ આ ખેલાડીઓની ફોર્મ અને ફિટનેસ પર રહેશે.

એટલું જ નહીં, પંજાબના મુલ્લાનપુરમાં 6 થી 10 જૂન સુધી અફઘાનિસ્તાન સામે રમાનારી ટેસ્ટ મેચમાં પણ ટીમ ઈન્ડિયા પોતાની ફુલ-સ્ટ્રેન્થ સાથે ઉતરશે. તમામ સિનિયર ખેલાડીઓ તેમાં રમશે.

## સ્ટેડિયમ જઈને મેચ જોશે સિલેક્ટર્સ

BCCI સિલેક્ટર્સને મેચ જોવાની જવાબદારી વહેંચી દીધી છે. દરેક પસંદગીકાર અઠવાડિયામાં ઓછામાં ઓછી એક IPL મેચ સ્ટેડિયમમાં જઈને જોશે, જેથી દર અઠવાડિયે શોર્ટલિસ્ટ થયેલા ખેલાડીઓની પાંચ મેચની ગ્રાઉન્ડ રિપોર્ટ તૈયાર થઈ શકે. આ ઉપરાંત બાકીની મેચને ટીવીથી ટ્રેક કરશે. આ વખતે પસંદગીકારો નવા ઉભરતા ખેલાડીઓ કરતાં પહેલાથી નક્કી કરાયેલા વન-ડે કોર ગ્રુપના ખેલાડીઓ પર જ ધ્યાન આપશે.

## અફઘાન ટીમ સામેની ટેસ્ટમાં ભારત સિનિયર ટીમ ઉતારશે

અફઘાનિસ્તાન સામેની ટેસ્ટમાં ભારત પોતાની ફુલ-સ્ટ્રેન્થ ટીમ ઉતારશે. જોકે, આ મેચમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઇન્ટ્સ નહીં મળે, તેમ છતાં ટીમ મેનેજમેન્ટ તેને હળવાશથી લઈ રહ્યું નથી.

ઑગસ્ટથી માર્ચ વચ્ચે ભારતને 9 ટેસ્ટ રમવાની છે, તેથી તમામ રેડ-બોલ ખેલાડીઓ આ મુકાબલામાં ઉપલબ્ધ રહેશે. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે બુમરાહ અને સિરાજ, જો IPL દરમિયાન ફિટ રહે છે, તો અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ સ્ક્વોડનો ભાગ હશે.

## સિલેક્ટર્સના ઝોન વહેંચાયા, અગરકર મુંબઈમાં રહેશે

પસંદગીકારોની જવાબદારી નક્કી કરી દેવામાં આવી છે. ચીફ સિલેક્ટર અજીત અગરકર મુંબઈમાં રહેશે, જ્યારે એસ.એસ. દાસ કોલકાતાથી મેચ જોશે. જ્યારે આર.પી. સિંહ અને અજય રાત્રા NCR ક્ષેત્રમાં હાજર રહેશે, જ્યારે પ્રજ્ઞાન ઓઝા બેંગલુરુ અને હૈદરાબાદમાં મેચ પર નજર રાખશે.








# વ્યક્ત અવ્યક્ત



લેખકઃ જિતેન દેસાઈ
ભાયલી, વડોદરા
મો. નં. ૯૭૨૪૩૩૪૮૮૪
Email : jitdarsh@gmail.com

## અવ્યક્ત લાગણીઓ, વિશ્વાસ અને ત્યાગની અનોખી સફર



માનસી બોલી આ કોમલનો પ્લાન હતો. કોમલ બોલી દીદીઈઈઈ. બંને પાછા હસ્યાં અને હવે હસતા હસતા કોમલ રડવા માંડી. સોરી કહી ને વોશરૂમમાં ગઈ.

માનુ ખરી છે તું. હું ખરેખર કહું છું. હું છોડી દઈશ કોમલ ને મળવાનું. મને પ્રેમ કરવું કોમલ માટે પણ સહી નથી. એને કોઈ સારો જીવનસાથી મળી જશે. આપણે મેળવી આપીશું.

મિતેન, તે કહયું છોડી દઈશ કોમલ ને મળવાનું. છોડી શકીશ એને પ્રેમ કરવાનું? કાઢી શકશે એને તારા મનમાંથી, દિલ માંથી? તું તું કદાચ કરી શકશે અમુક અંશે પણ કોમલ કરી શકશે? તું સર્વસ્વ છે એના માટે. અને હું પણ તમને દુઃખી જોઈને દુઃખી જ થઈશ ને?

કોમલ આવી. સોરી. દીદી તમારું ઋણ રહેશે મારાં પર જિંદગીભર. કઈ રીતે ઉતારી શકીશ આ ઋણ?

એક કામ કર કોમલ, તારી ચામડી ઉતારી ને એમાં થી જોડા બનાવી તારી દીદી ને પહેરાવ. અમે ત્રણે હસી પડ્યા.

દીદી હું પ્રોમિસ આપું છું કે હું ક્યારેય સર ની પ્રાયોરીટી નહિ બનું.

મારું કોઈ રીસ્ટ્રિક્શન નહિ હોય. તમે બંને શાણા અને સમજુ છો.

આ પછી હું ને કોમલ એકબીજાની કાળજી લેતા પણ અમારું મળવાનું ઓછું થઇ ગયું. અમને બંનેને સતત એવુ થયાં કરતું કે અમે માનસીને અન્યાય કરી રહ્યા છીએ. અઠવાડિયે એકાદ વાર જ મળતા.

કોમલ હવે ઘણાં બધા ફિલ્ડમાં ઈન્ટરેસ્ટ લઈ બીઝી રહેવા માંડી. મારું પ્રમોશન થવાથી હું પહેલાથી પણ વધારે બીઝી થઈ ગયો. કોમલ એક સોશયલ વર્કર તરીકે ટાઉનમાં આગળ પડતું નામ થઇ ગઈ. ઘણી સંસ્થાઓ સાથે જોડાઈ.

ઈનર વ્હીલ ક્લબની તો ડિસ્ટ્રિક્ટ પ્રેસિડેન્ટ બની. એનો દબાયેલી, કચડાયેલી સ્ત્રીઓને મદદ અને માર્ગદર્શનના પ્રોજેક્ટની તો રાષ્ટ્રીય કક્ષાએ સરાહના થઇ. કોમલ જયારે મળતી ત્યારે એના સામાજિક કામોની જ વાતો કરતી રહેતી. અમારા એકલા મળવા કરતાં, માનસી જયારે સાથે ડિનરનું આયોજન કરતી ત્યારે વધારે મળવાનું થતું. હવે મને અને કોમલ ને ખબર જ ન રહી કે અમે પ્રેમ કરીએ છીએ કે નથી કરતાં. અમે હવે અમારા પ્રેમ કરતાં બીજી બાબતો ને વધારે મહત્વ આપતા. કેટલાય મહિનાઓ થી એકલા તો મળ્યા જ નહીં.

આ આખા સમયગાળા દરમ્યાન માનસી એ દિવ્યાને બધી જ વાતો કરેલી.

દિવ્યા એ એને ભારપૂર્વક કહેલું કે રોક મિતેન ને. નહીં તો તું એને ખોઈ બેસસે. હું અને દિવ્યાંગ વાત કરીએ મિતેન ને?

માનસી એ કહેલું દિવ્યા મને હેન્ડલ કરવા દે મારી રીતે.

જે દિવસે કોમલે એનો પ્રેમ વ્યક્ત કરેલો અને મેં માનસી ને પુરી વાત કરેલી મારી પણ કોમલ પ્રત્યે ની લાગણી સહિત, માનસી એક ક્ષણ તો ભાંગી પડેલી.

એણે જયારે ટી. પી. માં ડિનર નો પ્રોગ્રામ બનાવેલો અને એ વાત દિવ્યા ને કરેલી તો એ માનસી ઉપર ખુબ બગડેલી. પાગલ છે તું માનસી. ગુમાવી દેશે તું તારા વરને. પણ માનસી ને પૂરો તાગ હતો કોમલની મનોદશાનો અને મારી મનોદશાનો તો હોય જ. માનસી માનતી હતી કે અમારા સંબંધ વિષે જાણ્યા પછી જો એ અમને અટકાવે એના કરતાં અમે જાતે અટકીયે એ સૌ માટે સારું રહેશે.

માનસી એ દિવ્યાને કહેલું કે મારે એક જ વાર મિતેન અને કોમલ ને કહેવું પડશે અને એઓ પછી ક્યારેય નહી મળે એનો એને વિશ્વાસ છે.

દિવ્યાએ કહેલું તો મારી પાગલ માનસી એ જ કરાય ને?

દિવ્યા જો હું એમ કરું તો મિતેન અને કોમલ બંને દુઃખી થયાં કરશે. એમને દુઃખી જોઈ ને હું દુઃખી થઈશ. જે બંને મારી જિંદગીની સૌથી અગત્યની વ્યક્તિઓ છે એમનું મારાં પ્રત્યેનું વર્તન કેવું રહેશે?


દિવ્યા સહમત ન હતી થઈ, પણ માનસી હું જાણું છું તારી અત્યાર ની મનઃસ્થિતિને. શું તું એક સ્ટ્રેસમાં નથી?

માનસી દિવ્યાને ખભે માથું મૂકીને ખુબ રડેલી.

થોડા મહિના પછી દિવ્યા એ માનસી ને કહેલું, સેલ્યૂટ યાર તને, જે સમજદારીથી તે આખી સિચ્યુએશન હેન્ડલ કરી એ માટે.

ફાઈનલ પ્રોગ્રેસ રિપોર્ટ..

અવ્યક્ત પ્રેમ વ્યક્ત થઈને હારી ગયો અને અવ્યક્ત રહીને પણ માનસીનો વિશ્વાસ જીતી ગયો.



# “હું” અને “મોબાઈલ”



DHAVALKUMAR PATEL
Mortgage Broker,
Mortgage Architects
★12728

આ વાત મારી અને મારા મોબાઈલ ફોનની નથી. આ વાત આપણા સૌની છે.

અમારો એક મિત્ર હતો કોલેજમાં સાથે ભણતા હતા. જો અમે મિત્રો એની મસ્તી કરીએને તો હસતો રહેતો. અને જો થોડું વધારે થઈ જાય તેમ એમ કહેતોકે માર ખાવાના થયા છો બધા. પણ જો કોઈક નાની મોટી બબાલ થઈ ગઈ તો સામેવાળાને પહેલા એવું કે "ઓલી, ઓળખશ મને?” અને આ તો તમે પણ કદાચ હજારોવાળ સાંભળ્યું હશે.

આ ઓળખશ મને? એટલે "હું".

થોડા દિવસ ઉપર અમારા મંદિરમાં શાકોત્સવનો પ્રોગ્રામ હતો. શાકોત્સવના પ્રોગ્રામમાં પૂજ્ય સંતો પધાર્યા હતા. સંતોએ પોતાની કથા વાર્તામાં સરસ વિષય પસંદ કર્યો "હું" અને "અભિમાન".

“હું" અને "અભિમાન" ઉપર સ્વામીએ બહુ સરસ પ્રવચન કર્યું. કહ્યુકે મંદિર કે કોઈ દેવાલયમાં જતા પેહલા "હું" અને "અભિમાન" બહાર મૂકીને જાવ તો જ ભાગવત પ્રાપ્તિ થાય અને સાથે સાથે થોડા ઉદાહરણ પણ આપ્યા અને બધાને ખૂબ સરસ મજા પડી. દરેક સંતો, મહાત્માઓ, મહાપુરુષો પણ આજ વાત કરતા હોય છે.

કોઈએ બહુ સરસ લખ્યું છે.

“મંદિરની બહાર ઉતારેલા ચંપલ કરતા, મંદિરની અંદર જતી વખતે ઉતારેલો ‘અહંકાર’ ઈશ્વરને વધુ ગમે છે."

નારદજીની એક વાત યાદ આવે છે. નારાયણ નારાયણ.

નારદજીને તો આપણે બધા ઓળખીએ છીએ. નારદજી ઉપર શનિદેવની વક્ર દ્રષ્ટિ હતી, એ પૂરી થઈ હતી અને એમાં નારદજી ખુબ હેરાન થયા. પછી નારદજીને ખબર પડી કે હવે શનિદેવની વક્રદ્રષ્ટિ હનુમાનદાદા ઉપર પડવાની છે એટલે નારદજી ધુંઆપુંઆ થઈ ગયા કે હનુમાનદાદા તો સર્વેના પ્રિય છે, કોઈ દિવસ કોઈનું બગાડ્યું નથી તો એમ કેમ? એટલે એ તો હનુમાનદાદાને શોધવા નીકળી પડ્યા. એમને જણાવવા કે શનિદેવની વક્રદ્રષ્ટિ તમારી ઉપર પડવાની છે. એટલે હનુમાનદાદા જે આશ્રમ હતા ત્યાં પહોંચી ગયા. આપણે કોઈને કઈ પ્રશ્ન પૂછીએ તો પેહલા આપણો પરિચય આપીએ અને પછી કામ કહીએ. નારદજીએ પણ એમજ કરવાનો પ્રયન્ત કર્યો. પણ જ્યાં બધા મોહ, માયા બંધનોથી મુક્ત હોય ત્યાં પરિચય શું કામનો. હનુમાનજી ક્યાં મળશે, એવું પૂછવા નારદજીએ એક ભક્તને પૂછતા પેહલા એમનો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો કે "મેં નારદ" એટલે પેલા ભક્તે કહ્યું કે પહેલા બકરી બહાર મૂકીને આવો. નારદજી વિચારે છે કે મારી જોડે કોઈ બકરી છે નહીં અને આ કેમ બકરી બહાર મૂકીને આવવાનું કહે છે. એટલે નારદજી વિચારે છે કે અને કઈ ખબર પડતી નથી. હવે નારદજીએ બીજા ભક્તને પૂછતાં પેહલા ફરીથી પોતાનો પરિચય આપ્યો કે "મેં નારદ". નારદજી આગળ કશું બોલે એ પેહલા જ પેલા ભક્તે પણ એમ જ કહ્યું કે એ બરાબર છે પણ પહેલા બકરી બહાર મૂકીને આવો. એટલે નારદજી થોડા અકળાઈ ગયા. ત્રીજા જોડે પણ બરાબર એવુજ થયું એટલે નારદજી ધુંઆપુંઆ થઈ ગયા કે અહીંયા કેવા લોકો છે? મારી જોડે કોઈ બકરી નથી અને આ લોકોને બકરી ક્યાં દેખાય છે.

## તમને બધાને ખબર પડી કે એ બકરી કોણ હતી?

એ બકરી એટલે "મેં", “હું". એ ભક્તો એવું કેહવા માંગતા હતા કે તમારું "હું" બહાર મૂકીને આવો.

હવે વાત કરવી છે "મોબાઈલ" ની જે એક મુખ્ય મુદ્દો છે.

વાત સાદી અને સરળ છે.

તો વાત એમ છે કે, ફોન છે તો રીંગ વાગવાની પણ એ રીંગ ક્યાં વાગે છે, એ વધારે મહત્વનું છે અને એનું ધ્યાન પણ આપણે જ રાખવું પડશે. તમે કોઈ મંદિરની ધાર્મિક સભામાં ગયા હોય કે કોઈની અંતિમ સંસ્કારની ક્રિયામાં (અહીંયા આપણે ત્યાં ફ્યુનરલ હોમ) ગયા હોય કે કોઈની શોક સભામાં ગયા હોય, અને ત્યાં પણ જો વચ્ચે વચ્ચે આ રિંગ વાગે તો એ કેટલું યોગ્ય છે?

એક બાજુ કોઈની અંતિમ સંસ્કારની ધાર્મિક વિધિ ચાલતી હોય અને ફ્યુનરલ હોમ કદાચ મંદિર કરતા પણ શાંત જગ્યા હશે જ્યાં લોકોનો કોલાહલ બહુ ઓછો હોય અને એવામાં રિંગ વાગે તો કેવું લાગે? શોકસભામાં પણ જયારે મૌન ચાલતું હોય ત્યારે પણ કોઈની ને કોઈની રિંગ વાગશે જ. મંદિરમાં કે ધાર્મિક સભામાં વક્તા ખુબ પ્રેમભાવથી કથા કરતા હોય અને ભક્તો-શ્રોતાઓ ધ્યાનથી સાંભળતા હોય અને એકદમ જ વચ્ચે "ઢીંકાચીકા ઢીંકાચીકા" વાગવા માંડે તો?

હદ ત્યારે થાય છે કે જ્યારે કોઈ સભા કે પ્રોગ્રામ ચાલુ થવાનો હોય તો મંચ ઉપરથી પહેલાથી નિર્દેશ આપવામાં આવે છે કે પોતાનો મોબાઈલ બંધ કરી દો અથવા તો સાઈલેન્ટ મોડ ઉપર મૂકી દો અથવા તો વાઈબ્રેટ મોડ ઉપર મૂકી દો જેથી કરીને વક્તાને અને બીજા ભક્તો કે શ્રોતાઓને ખલેલના થાય. પણ ના, સાંભળે એ બીજા.

એમાં પાછું ફોન રણકે ત્યાં સુધી તો ઠીક છે પણ ઉપાડીને સભાની વચ્ચે વાત પણ કરવાનું ચાલુ કરી દે છે. હવે વાત એવી છે કે જેનો ફોન રણકે કે તરતજ આજુબાજુવાળા એની બાજુ એવી રીતે જોવે કે બહુ મોટો ગુનો કર્યો હોય(ભૂલ તો કરેલી જ છે) પણ મજાની વાત એ છે કે થોડીવારમાં આમાંથી પણ એકનો રણકે જે પેહલાની સામે જોતો હોય.

પ્રશ્ન એવો છે કે એકનો ફોન રણકેતો બીજા લોકોએ પોતાનો ફોન કાઢીને જોઈ લેવો જોઈએને? પણ ના "હું કેમ કરું" "મને કોણ ફોન કરશે" અરે ભાઈ કોઈ કરે કે ના કરે તું બંધ કરીદેને.

આપણે કેહવત બોલીએ છે કે "મનુષ્ય માત્ર ભૂલને પાત્ર" પણ ભૂલમાંથી સુધારો નહિ કરીએ.

આચાર્ય ચાણક્યે પોતાના પુસ્તક ‘ચાણક્ય નીતિ’ માં મનુષ્યના આયુષ્ય અને શીખવાની પ્રક્રિયા વિશે ખૂબ જ સચોટ વાત કરી છે. "બીજાની ભૂલોમાંથી શીખો, કારણ કે તમારી પાસે એટલું લાંબુ આયુષ્ય નથી કે તમે બધી ભૂલો જાતે કરીને શીખી શકો." આ શીખ મોબાઈલ ફોન માટે બહુ નાની છે પણ શીખ જીવન માટે બહુ મોટી છે. પણ આપણે કહીએ છીએને કે ટીપે ટીપે સરોવર ભરાય. એમ નાની નાની ભૂલો સુધારીને શરૂઆત કરી શકીશું. આમાંની આ એક છે, જે તમારી ભગવત પ્રાપ્તિ કે ભગવાનની નજીક જવામાં અડચણરૂપ છે.

આજના આ ટેક્નિકલ જમાનામાં હું સાધુ, સંતો, મહાત્માઓને એવી વિનંતી કરું કે ભક્તોને એવું કહો કે કદાચ "હું અને અભિમાન" બહાર મૂકીને ના આવી શકાય તો કાંઈ નહિ પણ "ભૈસાબ" તમારો મોબાઈલ ફોન "સાઈલન્ટ મોડ" કે "વાઈબ્રેટ મોડ" ઉપર મૂકીને આવો.

પણ એટલું તો હું ચોક્કસ કહી શકું કે જો "હું અને મોબાઈલ" એ બેમાંથી પસંદ કરવાની હોય તો આજના યુગ પ્રમાણે કદાચ "હું" આપણા માટે જીવનના અભ્યાસક્રમ બહારની વાત છે (સિલેબસ બહાર છે), પણ, પણ મોબાઈલ આપણા સિલેબસ બહાર નથી અને એટલું તો આપણે કરી જ શકીએ.

આગળ કહ્યું એમ મનુષ્ય માત્ર ભૂલને પાત્ર, જો "સાઈલન્ટ મોડ" કે "વાઈબ્રેટ મોડ" કરવાનું કોઈ દિવસ ભૂલી જાવ તો કઈ વાંધો નહિ, પણ જો કોઈના ફોનની રિંગ વાગે ત્યારે "સાઈલન્ટ મોડ" કે "વાઈબ્રેટ મોડ" ચોક્કસ કરી દેજો.

આટલું તો આપણે કરી શકીશું, કેમ?

YourMortgagePoint
Wide Range of Mortgage Options Available
• Residential • Commercial • Business Loan
Purchase
New To Canada
Self Employed
High Networth
Student Rental
Refinance
First Time Home Buyers
Business For Self
1st & 2nd Mortgage
Medical Professionals

Let’s Talk! Your FREE consultation awaits
Dhavalkumar Patel
Mortgage Broker
Call Today - 647-893-1311
MORTGAGE ARCHITECTS
#12728
@yourmortgagepoint
dhavalkumar.patel@mtgarc.ca



"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated


તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે. બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો
ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....
Winter 2025-26
PACKAGE
ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ 17 રાત્રિ - 18 દિવસ 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 20 જાન્યુઆરી 6,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
ન્યુઝીલેન્ડ 11 રાત્રિ - 12 દિવસ 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 08 રાત્રિ - 09 દિવસ 29 જાન્યુઆરી, 03 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 09 રાત્રિ - 10 દિવસ 19 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
અઝરબૈજાન 06 રાત્રિ - 07 દિવસ 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
વિયેતનામ વિથ ફુકોક 09 રાત્રિ - 10 દિવસ 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
વરસેટાઇલ વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 20 ફેબ્રુઆરી 02 માર્ચ
શ્રીલંકા 07 રાત્રિ - 08 દિવસ 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 01 માર્ચ
Summer 2026
PACKAGE
ચેરી બ્લોસમ જાપાન 09 રાત્રિ - 10 દિવસ 22, 27, 30 માર્ચ
જાપાન વિથ અલ્પાઈન રુટ 10 રાત્રિ - 11 દિવસ 19,29 મે 10,22 જૂન
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 10,16 મે | 11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 04 એપ્રિલ 02 ,15,28 મે
ન્યુઝીલેન્ડ 12 રાત્રિ - 13 દિવસ 01 એપ્રિલ 03, 07, 22 મે
વેસ્ટ & ઈસ્ટ અમેરિકા 12 રાત્રિ 13 દિવસ 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
અમેરિકન વંડર 19 રાત્રિ - 20 દિવસ 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
અમેરિકન ડિસ્કવરી 23 રાત્રિ - 24 દિવસ 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
અમેઝિંગ અમેરિકા 15 રાત્રિ - 16 દિવસ 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
કેનેડિયન રોકીસ 09 રાત્રિ - 10 દિવસ 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
યુરોપ યાત્રા 18 રાત્રિ - 19 દિવસ 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
યુનિક યુરોપ 15 રાત્રિ - 16 દિવસ 26 મે 15 જૂન 13 જુલાઈ
યુરોપીઅન ડ્રીમ્સ 12 રાત્રિ - 13 દિવસ 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
સિનિક સ્કેન્ડીનેવીયા 12 રાત્રિ - 13 દિવસ 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
યુકે વિથ આયર્લેન્ડ 10 રાત્રિ - 11 દિવસ 14 મે 15 જુલાઈ
પેનોરમિક યુરોપ 09 રાત્રિ - 10 દિવસ 21 મે 21 જૂન
ડિસ્કવર ઓસ્ટ્રેલિયા 12 રાત્રિ - 13 દિવસ 30 એપ્રિલ
યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313
હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

# મેષ લગ્નમાં સૂર્ય મહારાજ: સૂર્યના ત્રણ મહત્વના ભાવ

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઇ ગાંધી- કેનેડા











આલેખમાં મેષ લગ્નમાં ૧૨ ભાવમાં સૂર્ય મહારાજ શું ફળ આપે છે તે આપણે લેખના માધ્યમથી જાણી રહ્યા હતા. આજે સૂર્ય મહારાજ દસમે, અગિયારમે, અને બારમે શું ફળ આપે છે તે જાણીશું એટલે મેષ લગ્ન સૂર્યના ૧૨ ભાવનું શુભ અને અશુભ ફળનું નિરીક્ષણ થઈ જશે. હવે સૂર્ય દસમે હોય તો જાતક રાજ્ય તરફથી માન, સત્તા રાજકીય પક્ષનું નેતૃત્વ અને પિતાની સંપત્તિ મળે છે. આ જાતકો રાજકીય, તબીબી, કારકિર્દીમાં સફળતા મેળવે છે. કાર્યકુશળ હોઈ સત્તા, સંપત્તિ, સંતતિ સંપત્તિ બધું જ મેળવે છે. માતાના સુખમાં ઉણપ રહે છે. સાતમે દ્રષ્ટિ કરતો સૂર્ય દસમેથી ચોથા સુખ ભવનને જુએ છે તેથી કૌટુંબિક સુખ અવરોધો ચિંતાના પ્રસંગો બને છે.

## સૂર્ય મહારાજની ૧૦, ૧૧, ૧૨ ની કુંડળી.

અગિયારે સૂર્ય મહારાજ લાભ સ્થાન રહેલા કહેવાય છે. મેષ લગ્નમાં સૂર્ય ૧૧મા સ્થાનમાં સૂર્ય ઉચ્ચ સરકારી હોદ્દો અપાવે છે. રાજ્ય તરફથી ધન, માનપાન મળે છે. મિત્રો મદદરૂપ થાય છે. વિવિધ પ્રકારે જાતકને આમદની મેળવી શ્રીમંત થાય છે. સ્ત્રી, સંતાનથી સંતોષ સુખ પ્રાપ્ત કરે છે. ઉચ્ચ અધિકારીઓથી પરિચય કરાવે છે. નિર્બળ કે નીચનો સૂર્ય હોય તો જાતક દુઃખી થાય છે. પાંચમે કુંભ કે મકર જેવી શત્રુ ગ્રહની રાશિ હોય તો જાતકના સંતાનો અવિચારી અને દુઃખ આપી રજાડનારા બને છે.

બારમે સૂર્ય મહારાજ જાતકને અનેક સ્થળે ભટકાવનાર અને દંડિત બનાવે છે. ડાબી આંખે તકલીફ આપે છે. નેત્ર રક્ષાનો ભાગ બને છે. વિલાસ વૃત્તિ વધારે રહે છે. કારણ ૧૨ મું સ્થાન ખાડાનું અને વ્યય પાછળ કહે છે જેથી તેને બંધન યોગ પણ બને છે. લાંબી મુસાફરીમાં આફત આવી શકે છે.

કાકાઓ સાથે અણબનાવ થાય છે. એકંદરે બારમો સૂર્ય જાતકને અશુભ ફળ આપે છે. સૂર્યની વાત થાય છે તો તુલા રાશિનો સૂર્ય નીચનો કહેવાય છે. હવે આવતા લેખમાં આપણે થોડા ઉંડા ઉતરીશું સૂર્ય મહારાજને ગ્રહોનો રાજા પણ કહે છે. આખું બ્રહ્માંડ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ તત્ત્વનું બનેલું છે તેથી.

## યથા બ્રહ્માંડે તથા પિંડે

એટલે કે જે બ્રહ્માંડમાં છે તે જ પંચતત્ત્વો દરેક જાતકના પિંડમાં છે. સ્વયં પ્રકાશિત સૂર્ય મહારાજના રશ્મિઓ દ્વારા ઘડાયેલ માનવ દેહ મન અને આત્મા લઈને જન્મે છે આથી સૂર્યને જ્યોતિષની ભાષામાં આત્માનો કારક પણ કહેવાય છે. અને ૧૨ રાશિઓને પણ ચાર તત્ત્વોમાં વહેંચેલી છે પાંચમું તત્ત્વ આકાશ જે હોવા છતાં રાશિ વહેંચેલું છે આથી જ્યોતિષમાં રાશિઓને ચાર તત્ત્વોમાં વહેંચી છે. હવે વધુ આવતા અંકે કયો ગ્રહ ઉચ્ચ, નીચ, તથા નિર્બળ, બળવાન કે કેન્દ્ર, ત્રિકોણ માં છે આ બધી બાબતોની ચર્ચા કરીશું જે આપશ્રીને કુંડળી સમજવામાં સરળ પડે.



# ગુડી પડવો - ચૈત્રી નવરાત્રી - ચેટીચાંદનો ત્રિવેણી સંગમ

**આવ્યો ચૈત્ર માસ મંગલકારી, ગુડી ઊભી સૌના આંગણે ન્યારી.**
**રંગોળીની સંગ સૌભાગ્યની સવારી, નવી આશા, નવી ખુશીઓ લાવે પ્યારી.**
**કોમળ મોગરાની સુગંધ પ્રસરી, સુખ-શાંતિ જીવનમાં સદાયે વસી.**
**રામરાજના સ્વાગતનો આ શુભ દિવસ, નવા વર્ષમાં સૌ સફળતા પામે સવિશેષ.**



લેખક
શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર

પ્રતિપદા (એકમ) તિથિ હિન્દુ કેલેન્ડરમાં અત્યંત પવિત્ર અને નવી શરૂઆતનું પ્રતીક છે. તે ચૈત્ર શુક્લ પ્રતિપદા પર 'નવ સંવત્સર' (હિન્દુ નવું વર્ષ) અને વિક્રમ સંવતનો પ્રારંભ કરાવે છે, જે પ્રકૃતિમાં ફેરફાર, રામરાજ્ય અને કૃષિ સમૃદ્ધિ સાથે જોડાયેલ છે. આ દિવસે ગુડી પડવો, ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ, ચેટી ચાંદ જેવા ધાર્મિક તહેવારો એક સાથે અલગ-અલગ સમાજના લોકો ઉત્સાહથી, સમરસતા સાથે ઉજવે છે.

ચૈત્ર સુદ પડવાનું વિક્રમ સંવતની દ્રષ્ટિએ ઘણું જ મહત્વ છે. આ દિવસે મહારાષ્ટ્રીયન લોકોનું નવું વર્ષ શરૂ થાય છે તો સિંધી લોકોનો તહેવાર ચેટીચાંદ પણ આ જ દિવસે આવે છે. 'મા' શકિતની આરાધના કરવા માટે વાસંતીય નવરાત્રીની શરૂઆત પણ આ જ દિવસથી થાય છે. વિક્રમ સંવત મુજબ ગુડી પડવાનો દિવસ એટલે વર્ષના સાડા ત્રણ મુર્હતમાંનો એક દિવસ. આ દિવસે કોઈપણ શુભ કાર્ય કરી શકાય છે. આ દિવસે સરસ્વતી તથા ગણપતિનું પૂજન થાય છે.

મરાઠી મહિનાનો પહેલો દિવસ એટલે ગુડી પડવો. ગુડી પડવો એટલે સમૃધ્ધિનો ઉત્સવ. સૂર્યોદય સમયે મહારાષ્ટ્રીયન લોકો પોતાના આંગણામા રંગોળી કાઢે છે. વાંસની કે સાગની લાકડીને તેલ લગાવી ચોખ્ખા પાણીથી ધોવામાં આવે છે. લાકડીના છેડે કોઈ સ્ત્રીને સાડી પહેરાવી હોય તે રીતે નવી સાડીને બાંધવામાં આવે છે. એના ઉપર ચાંદીનો કે તાંબાનો લોટો ઊંધો મૂકવામાં આવે છે. ઊંધા મૂકેલા કળશ પર લીમડાની ડાળખી લગાવવામાં આવે છે. મુખ્ય દરવાજા પાસે ગુડી ઊભી કર્યા પછી એને હળદર, કંકુ, અક્ષતથી પૂજા કરી ફૂલનો તથા સાખરનો હાર પહેરાવવામાં આવે છે.

સામાન્ય રીતે ગુડી ઊભી કરતી વખતે વાંસની કે સાગની લાકડી વાપરવામાં આવે છે એનો ભાવાર્થ એ કે પર્યાવરણની દ્રષ્ટિએ લાકડી એટલે વૃક્ષો આપણા જીવનનો આધારસ્તંભ છે. વૃક્ષ જેવી રીતે આકાશ તરફ વધે છે તેમ આપણે પણ મજબૂત મનોબળ સાથે આપણા ધ્યેય ઉચ્ચ રાખી એને પામવાનો પ્રયત્ન કરવો જોઈએ. ગુડી ઊભી કરતી વખતે કડવો લીમડો, સાખરની માળા અને રેશમી વસ્ત્ર એ મનુષ્યની પ્રાથમિક જરૂરિયાત રોટી, કપડાં અને મકાનના પ્રતિકરૂપ છે એવો ભાવાર્થ પ્રગટ થાય છે માટે વૃક્ષ, પશુ-પક્ષી-પ્રાણી સાથે પ્રકૃતિની જાળવણી કરવી જરૂરી છે એવી ભાવના વ્યકત કરવામાં આવે છે.

મરાઠી લોકો આ દિવસે ઘંઉ, ચણા, ચોખા, જુવાર અને બાજરી જેવા મુખ્ય અનાજનું નૈવેધ ધરાવે છે. નવા ઘંઉની પૂરણપોળી બનાવી ભગવાનને નૈવેધ ધરાવી પ્રાર્થના કરવામાં આવે છે કે 'આખું વર્ષ અમને સારૂં ધાન્ય મળી રહે, અમને સદ્‌બુધ્ધિ આપ.'

આ દિવસે પંચાગની પૂજા કરવાનું મહત્વ વિશેષ છે. મહારાષ્ટ્રના ગામડાઓમાં લોકો એકત્ર થઈ પંચાગમાંથી વર્ષફળ વાંચે છે જેથી આખું વર્ષ કેવું રહેશે એની માહિતી મળી રહે. ખાસ કરીને આ દિવસોમા મહારાષ્ટ્રીયન સ્ત્રીઓ સૌભાગ્યની શુભ વસ્તુઓની લ્હાણી કરી શેરડીનો રસ કે કાચી કેરીનો પનો અને આંબે ડાળ (ચણા-કાચી કેરીની વાનગી) બનાવી હળદી-કંકુનો પ્રોગ્રામ કરે છે.

સૂર્યાસ્ત સમયે ગુડી ઉતારતી વખતે પ્રકૃતિને પ્રાર્થના કરવામાં આવે છે કે આખું વર્ષ અમારા જીવનમાં વસંતોત્સવ રહે, ધનધાન્ય મળી રહે, નિરોગી રહીએ. "વને તિથે સુમને, સુમને તેથે આનંદવને" - સંત જ્ઞાનદેવની આ ઉક્તિ મુજબ જયાં વન છે ત્યાં સમૃધ્ધિ છે અને સમૃધ્ધિ છે ત્યાં આનંદ જ આનંદ છે. વસંતોત્સ્વ એટલે પૂર્ણ પ્રકૃતિ આનંદમય બની રહે છે.

કડવા લીમડાના ઝાડ નીચે બેસી આપણા ઘણા ઋષિમુનિઓએ તપ કર્યા છે, જેમકે રંગ અવધૂત મહારાજ, શ્રી સાંઈબાબા વગેરે. લીમડાના ઝાડને નવા પાન આવ્યા હોવાથી શરીર નિરોગી રાખવા માટે આ દિવસોમાં લીમડાનો રસ પીવામાં આવે છે. આ દિવસે આંધ્રપ્રદેશ અને તામિલનાડુના લોકો સૂર્યપૂજા કરી આ તહેવાર ઉજવે છે.

ગુડી પડવાના દિવસે ભગવાન શ્રી રામ રાવણનો વધ કરી અયોધ્યા આવ્યા હતા એવી લોકવાયકા છે. બીજી લોકવાયકા મુજબ આ દિવસે બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું એટલે આ તહેવારમાં પર્યાવરણનું મહત્વ અનેરૂ છે. વસંત ઋતુ હોવાથી આખી સૃષ્ટિમા અનેરો ઉત્સાહ જોવા મળે છે. વૃક્ષો ઉપર નવા પાન, ફૂલો આવે છે. હાલની આધુનિક ઉપકરણોની દોડમાં પર્યાવરણની જાળવણી તથા સંસ્કૃતિના રક્ષણ અર્થે પણ આ તહેવારનું મહત્વ અનેરૂ છે.

માતાજીના નવ સ્વરૂપો આપને નવી શક્તિ આપે,
ચૈત્રી નવરાત્રીમાં સુખ-શાંતિનો વાસ થાય,
દીવાના અજવાળે અને માની આરતીના નાદે,
આપનું જીવન સુગંધિત બને, જય માતાજી!

આ દિવસથી 'વાસંતીય નવરાત્રી' એટલે 'રામ નવરાત્રી' નો પ્રારંભ પણ થાય છે. મા ની આરાધના ષોડશોપચારે કરવામાં આવે છે. મા અન્નપૂર્ણાની પૂજા આ દિવસોમા થાય છે તથા ઓખાહરણનું વ્રત પણ કરવામાં આવે છે. નવમા દિવસે રામનવમી આવે છે જે આનંદોલ્લાસથી ઉજવવામાં આવે છે.

"આયોલાલ.. ઝૂલેલાલ..
જોંધણું.. સિંધી સમાજ જો..
ચેટી ચાંદ જો પવિત્ર દાણ..
ભગવાન ઝૂલેલાલ જો સદાય સન્માન!"

સિંધી લોકોનું નવું વર્ષ પણ આ દિવસથી શરૂ થાય છે. સંત શ્રી ઝુલેલાલ જન્મોત્સવ નિમિત્તે આ તહેવાર



પૂરા આનંદ ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. ખાસ કરીને પૃથ્વી ઉપરનું અમૃત એવું પાણીની પૂજા કરવામાં આવે છે. સંત શ્રી ઝુલેલાલના અનુયાયીઓ સિંધુ નદીના કિનારે ચાલીસ દિવસ સુધી જાગરણ કરીને ધાર્મિક ક્રિયાકાંડ કરે છે. એ સમય દરમ્યાન નવા કપડા કે જોડા પહેરતા નથી અને દાઢી પણ કરતા નથી. એ દિવસ દરમ્યાન એશોઆરામની કોઈ સાધનસામગ્રી વાપરતા નથી. એક જ કપડાં ધોઈને સૂકવીને ફરી પાછા પહેરે છે. સાંજે જળદેવ વરૂણની પૂજા કરી પ્રાર્થના કરે છે. ચાલીસ દિવસ પછીનો દિવસ એ ચેટી ચાંદ. આ દિવસે ઘણા સિંધીઓ બહારાણા સાહેબની નદી કે તળાવના કિનારે પૂજા અર્ચના કરે છે.

આમ, આ ત્રણેય તહેવારોનો સંગમ એટલે વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓનું એકરૂપ થવું છે. જેમ ગંગા, યમુના અને સરસ્વતીનો સંગમ પવિત્ર માનવામાં આવે છે, તેમ આ ત્રણે પર્વોનો મેળાપ પણ માનવ જીવનમાં નવી ઊર્જા, ભક્તિ અને સુખનો પ્રવાહ લાવે છે. આ ત્રણે પર્વો આપણને અંદરના અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવાની પ્રેરણા આપે છે.

આપણે સૌ આર્ય છીએ અને આપણા શાસ્ત્રો અનુસાર, હિંદુ પંચાગ અનુસાર પ્રતિપદા તિથિ એ નૂતન વર્ષની શરૂઆત, મા આદ્યાશક્તિની ઉપાસના, પ્રકૃતિની પૂજા અને વિજયનો પર્વ છે. નવા વર્ષમાં વિશ્વમાં શાંતિ ફેલાય, ભાઈચારાની ભાવના વધે, સૌનું કલ્યાણ થાય એવી શુભકામના સાથે...

સર્વે ભવન્તુ સુખિનઃ બધા લોકો સુખી થાઓ. સર્વે સન્તુ નિરામયાઃ બધા લોકો રોગમુક્ત (નિરોગી) રહો. સર્વે ભદ્રાણિ પશ્યન્તુઃ બધા લોકોનું કલ્યાણ જુઓ. મા કશ્ચિદ્ દુઃખભાગ્ ભવેત્ઃ કોઈ પણ વ્યક્તિ દુઃખી ન થાય. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ: ત્રિવિધ તાપ (આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક) થી શાંતિ મળે.

# સત્યનો અધિકાર



સંકલન
હસમુખ બી. પટેલ
'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર
Mob No
98792 02380
E Mail
patelh166@gmail.com




આંતરરાષ્ટ્રીય સત્ય અધિકાર દિવસ ( International Day for the Right to the Truth ) દરેક વર્ષે 24 માર્ચના રોજ ઉજવવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય ગંભીર માનવ અધિકાર ઉલ્લંઘનના ભોગ બનેલા લોકોના અધિકારો અને તેમની ગરિમા ( Dignity ) ને માન આપવાનો છે. સત્યનો અધિકાર મોટાભાગે દુનિયામાં માનવ અધિકારોના ઘોર ઉલ્લંઘન અને માનવતાવાદી કાયદાના ગંભીર ઉલ્લંઘનના સંદર્ભમાં અમલીકરણ કરવામાં આવેલ છે. ટૂંકી ફાંસીની સજા, બળજબરીથી ગાયબ કરવામાં આવેલ વ્યક્તિઓ, ગુમ થયેલા વ્યક્તિઓ, અપહરણ કરાયેલા બાળકો, ત્રાસનો ભોગ બનેલા લોકોના સગાં સંબંધીઓને તેમની સાથે ક્યારે શું થયું, કોણે કર્યું, કયા કયા સ્થળોએ થયું, તે જાણવાની જરૂર હોય છે. સત્યનો અધિકાર એટલે બનેલી ઘટનાઓ, તેમના ચોક્કસ સંજોગો અને તેમાં કોણે ભાગ લીધો હતો તે અંગે સંપૂર્ણ અને સંપૂર્ણ સત્ય જાણવું, જેમાં ઉલ્લંઘન કયા સંજોગોમાં થયું તે તેમજ તેના કારણો જાણવાનો સમાવેશ થાય છે.

## આંતરરાષ્ટ્રીય સત્ય અધિકાર દિવસ:

પ્રત્યેક વર્ષે, 24 માર્ચે, માનવ અધિકારોના ગંભીર ઉલ્લંઘન અને પીડિતોના ગૌરવ અંગે સત્યના અધિકાર માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવવામાં આવે છે. મોન્સિગ્નોર ઓસ્કાર આર્નુલ્ફો રોમેરોની સ્મૃતિને શ્રદ્ધાંજલિ આપવા માટે આ વાર્ષિક ઉજવણી કરવામાં આવે છે, જેમની 24 માર્ચ 1980 ના રોજ હત્યા કરવામાં આવી હતી. મોન્સિગ્નોર રોમેરો અલ સાલ્વાડોરમાં સૌથી સંવેદનશીલ વ્યક્તિઓના માનવ અધિકારોના ઉલ્લંઘનની નિંદા કરવામાં સક્રિયપણે રોકાયેલા હતા. અને એટલે જ ચોક્કસ હિત ધરાવતા લોકોએ તેમની વિરુદ્ધ સામ, દામ, દંડ ને ભેદ આચર્યા પરંતુ મોન્સિગ્નોર આર્નુલ્ફો રોમેરો તાબે ન થતાં અંતે તેમની હત્યા કરવામાં આવી હતી. યુએન સેક્રેટરી જનરલ શ્રી એન્ટોનિયો ગુટેરેસના મત મુજબ સત્ય એક સશક્તિકરણ અને ઉપચાર શક્તિ છે. આપણે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય માટે તેને સ્વીકારીએ છીએ.

## આ દિવસના હેતુ:

ગંભીર રીતે માનવ અધિકાર ઉલ્લંઘનના ભોગ બનેલા લોકોની સ્મૃતિનું અને ગૌરવને સન્માનિત કરવું અને સત્ય અને ન્યાયના અધિકારના મહત્વને પ્રોત્સાહન આપવું.

જમણે જગતના બધા વ્યક્તિઓના માનવ અધિકારોને પ્રોત્સાહન આપવા અને તેનું રક્ષણ કરવાના સંઘર્ષમાં પોતાનું જીવન સમર્પિત કર્યું હોય અને આવા સમર્પણ દરમિયાન પોતાનો જીવ ગુમાવ્યો હોય તેવા વ્યક્તિઓને શ્રદ્ધાંજલિ આપવી.

અલ સાલ્વાડોરના આર્કબિશપ ઓસ્કાર આર્નુલ્ફો રોમેરોના માનવ અધિકારોના રક્ષણ માટેના મહત્વપૂર્ણ કાર્ય અને મૂલ્યોને ઓળખવા. તેમણે સૌથી સંવેદનશીલ વસ્તીના માનવ અધિકારોના ઉલ્લંઘનની નિંદા કરી, ત્યારબાદ એ વિસ્તારમાં રહેતા લોકોના જીવનના રક્ષણ, માનવ ગૌરવને પ્રોત્સાહન આપવા અને તમામ પ્રકારની હિંસાનો વિરોધ કરેલ. આ બાબતે તમામ પ્રકારની હિંસાનો તેમણે વિરોધ કર્યો ત્યારે 24 માર્ચ 1980 તેમની હત્યા કરવામાં આવી હતી.

## સત્ય અધિકાર દિવસની પૃષ્ઠભૂમિ :

21 ડિસેમ્બર 2010 ના રોજ, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ 24 માર્ચને માનવ અધિકારોના ગંભીર ઉલ્લંઘન અને પીડિતોના ગૌરવ અંગે સત્યના અધિકાર માટેના આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ.

24 માર્ચની તારીખ પસંદ કરવામાં આવી કારણ કે 24 માર્ચ 1980 ના રોજ, અલ સાલ્વાડોરના આર્કબિશપ ઓસ્કાર આર્નુલ્ફો રોમેરોની માનવ અધિકારોના ઉલ્લંઘનની નિંદા કર્યા પછી ક્રૂર હત્યા કરવામાં આવી હતી.

યુએન હાઈ કમિશનર ફોર હ્યુમન રાઈટ્સ દ્વારા ઈ.સ. 2006માં હાથ ધરાયેલા એક અભ્યાસમાં એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો કે ગંભીર માનવ અધિકાર ઉલ્લંઘનો અને માનવ અધિકાર કાયદાની સમૂળગી અવગણના વિશે તમામ પ્રકારના સત્ય જાણવાનો અધિકાર એક અવિભાજ્ય અને સ્વાયત્ત અધિકાર છે. આ અધિકાર જ માનવ હકોનું રક્ષણ કરવા, આવા હકોની નિષ્પક્ષ અને સુરક્ષિત ખાતરી આપવા, અસરકારક તપાસ કરવા, અસરકારક ઉપાયો લેવા અને જરૂરી વળતરની ખાતરી આપવા માટે રાજ્યની ફરજ અને જવાબદારી સાથે જોડાયેલો છે.

આ અભ્યાસ પુષ્ટિ આપે છે કે સત્યના અધિકારનું વિસ્તાર ક્ષેત્ર વિશાળ છે. સત્યના અધિકારમાં માનવ અધિકારો સંદર્ભિત ઉદભવેલી અને બનેલી ઘટનાઓ, આ ઘટનાઓ બનવાના ચોક્કસ સંજોગો, આવી દરેક ઘટનામાં ભાગ લેનાર વ્યક્તિઓ / જૂથો / સમુદાયો અંગે સંપૂર્ણ અને સંપૂર્ણ સત્ય જાણવાનો સમાવેશ થાય છે. આવી તમામ ઘટનાઓમાં માનવ અધિકારોનું ઉલ્લંઘન કયા સંજોગોમાં થયું, કયા કારણોથી થયું અને કોના દ્વારા થયું તે તમામ બાબતો જાણવાનો સમાવેશ સત્યના અધિકારમાં થાય છે.

સત્યના અધિકાર પરના ઈ.સ. 2009ના અહેવાલમાં, યુએન હાઈ કમિશનરના માનવ અધિકારોના કાર્યાલયે સત્યના અધિકારના અસરકારક અમલીકરણ માટે શ્રેષ્ઠ પ્રથાઓ સુનિશ્ચિત કરી હતી. માનવ અધિકારોના ગંભીર ઉલ્લંઘનો સંબંધિત આર્કાઈવ્સ ( Archives સંગ્રહસ્થાનો, દફતર ભંડાર ) અને રેકોર્ડ્સ ( અહેવાલો ) સંબંધિત રીતરસમો એકદમ સુસંગત અને સુરક્ષિત કરવી એ આ અહેવાલનો પ્રથમ ભાગ હતો. દ્વિતીય ભાગમાં આવા ઉલ્લંઘનો સાથે સંકળાયેલા ટ્રાયલ્સમાં સામેલ સાક્ષીઓ અને અન્ય વ્યક્તિઓના રક્ષણ પરના કાર્યક્રમોનું સંકલન કરીને સંરક્ષણ આપવાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## આનુષંગિક દસ્તાવેજો અને દિવસો :

ઈ.સ. 1992 માં બળજબરીથી ગાયબ કરવામાં આવેલ તમામ વ્યક્તિઓના રક્ષણ અંગેની ઘોષણા કરવામાં આવી હતી.

ઈ.સ. 2005 માં ઉપાય અને વળતરના અધિકાર પર મૂળભૂત સિદ્ધાંતો અને માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવ્યા હતા.


ઈ.સ. 2006 માં બળજબરીથી ગાયબ કરવામાં આવેલા તમામ લોકોના રક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સંમેલન બોલાવવામાં આવ્યું હતું.

વર્ષમાં ઊજવવામાં આવતા આ દિવસો આંતરરાષ્ટ્રીય સત્ય અધિકાર દિવસની સાથે સંકળાયેલા દિવસો છે : વિશ્વ સામાજિક ન્યાય દિવસ, ત્રાસનો ભોગ બનેલા લોકોના સમર્થનમાં આંતરરાષ્ટ્રીય દિવસ, વિશ્વ માનવતાવાદી દિવસ, ધર્મ અથવા માન્યતાના આધારે હિંસાના ભોગ બનેલા લોકોની યાદમાં આંતરરાષ્ટ્રીય દિવસ, આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ, માનવ અધિકાર દિવસ, બળજબરીથી ગુમ થયેલા પીડિતોનો આંતરરાષ્ટ્રીય દિવસ, પત્રકારો વિરુદ્ધના ગુનાઓ માટે મુક્તિનો અંત લાવવાનો આંતરરાષ્ટ્રીય દિવસ, આંતરરાષ્ટ્રિય ભ્રષ્ટાચાર વિરોધી દિવસ, આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ

છેલ્લા 20 વર્ષ ( અંદાજિત 2006-2025 ) ની મુખ્ય થીમ ( વિષયવસ્તુ )નું સંક્ષિપ્ત વિવરણ:

સંક્ષિપ્તમાં યુએન ( UN ) દ્વારા આપવામાં આવેલી છેલ્લા ૨૦ વર્ષની વિષયવસ્તુ ( થીમ )નું સંકલન સંક્ષિપ્તમાં નીચે મુજબ છે :

આ દિવસ ગંભીર માનવ અધિકાર ઉલ્લંઘન અંગે સત્યના અધિકાર અને પીડિતોની ગરિમા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ છે. ( International Day for the Right to the Truth concerning Gross Human Rights Violations and for the Dignity of Victims ).







# “પીડિતોની ગરિમા અને સત્યના અધિકાર માટે વૈશ્વિક સંકલ્પનો દિવસ”

સત્ય અને ન્યાય ( Truth and Justice ) : આ દિવસની ઉજવણી દરમિયાન ભોગ બનેલા જે તે પીડિતોને યાદ કરવા અને એમને પૂર્ણતયા ન્યાય મળે એ માટે સામૂહિક પ્રયાસો કરવા.

પીડિતોની સ્મૃતિ અને ગરિમા ( Memory and Dignity of Victims ) : આ થીમ સતત માનવ અધિકારોના રક્ષણ દરમિયાન ભોગ બનેલા પીડિતોના ગૌરવ અને ગરિમાની સાચવણી સાથે સત્ય જાણવાનો અધિકાર મળે તેના પર ભાર મૂકે છે.

ભૂતકાળના પીડિતો માટે ન્યાય એ સુરક્ષિત ભવિષ્યનો પાયો છે ( Justice for the victims of the past is the foundation of a secure future ) : ન્યાયી સમાજના નિર્માણ માટે અને ભવિષ્યમાં થતી હિંસાને રોકવા માટે ભૂતકાળમાં અત્યાચારનો ભોગ બનેલા પીડિતોને સંપૂર્ણ ન્યાય મળે તે જરૂરી છે. ગૌરવ અને સ્મૃતિ સુનિશ્ચિત કરવાથી નફરતના ચક્રોને તોડવામાં મદદ મળે છે, એક સ્થિતિસ્થાપક સમાજને પ્રોત્સાહન મળે છે.

આ દિવસ મુખ્યત્વે ન્યાય, સત્ય અને યાદગીરી ( Justice, Truth, and Memory ) ના ત્રણ સ્તંભો પર કામ કરે છે.

સત્ય એક સશક્તિકરણ શક્તિ છે. સત્ય એ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય માટે એક હીલિંગ ( સાજા થવાની ) શક્તિ છે.

સાચું જાણવાનો અધિકાર: ગંભીર માનવાધિકાર ઉલ્લંઘન અને પીડિતોની ગરિમા અંગેના સત્યને ઉજાગર કરવું.

જવાબદારી અને ન્યાય :( Accountability and Justice): અત્યાચાર કરનારાઓને સજા થવી જોઈએ અને તમામ પીડિતોને સંપૂર્ણ ન્યાય મળવો જોઈએ.

વર્ષ 2026 માટેનું વિષયવસ્તુ ( થીમ ) આયોજન:

માનવ અધિકારોના ગંભીર ઉલ્લંઘન અને પીડિતોના ગૌરવ અંગે સત્યના અધિકાર માટેનો આંતરરાષ્ટ્રીય દિવસની ચોક્કસ વાર્ષિક થીમ્સ ( વિષયવસ્તુ ) અલગ અલગ હોઈ શકે છે. ઈ.સ. 2026 ની ઉજવણી ( મંગળવાર, 24 માર્ચ, 2026 ના રોજ યોજાવાની ) સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સ્થાપિત મુખ્ય મિશન પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખે છે: પીડિતોનું ગૌરવ અને ગરિમા જાળવીને સન્માન કરવું, સત્ય અને ન્યાયના અધિકારને પ્રોત્સાહન આપવું અને માનવ અધિકારોના ઉલ્લંઘન સામે લડનારાઓની સ્મૃતિને જાળવી રાખવી. લડનારાઓની સ્મૃતિને જાળવી રાખવી. ઈ.સ. 2026 નો દિવસ વ્યક્તિઓ અને સમાજના ગંભીર માનવ અધિકાર ઉલ્લંઘન વિશે સંપૂર્ણ સત્ય જાણવાના મૂળભૂત અધિકારની આસપાસ ફરે છે. આ દિવસ બળજબરીથી ગુમ થવું, ત્રાસ આપવો અને ફાંસીની સજા સહિત ગંભીર અને વ્યવસ્થિત માનવ અધિકાર ઉલ્લંઘનના પીડિતોના ગૌરવની જાળવણી સૂચવે છે. આ દિવસ ભાર મૂકે છે કે ન્યાય લાવવા, સમાધાનને પ્રોત્સાહન આપવા અને ઈતિહાસનું પુનરાવર્તન ન થાય તેની ખાતરી કરવા માટે સત્ય સૌથી વધારે મહત્વપૂર્ણ છે. વિશેષ કરીને આ દિવસ સત્ય-શોધને પ્રોત્સાહન આપીને, સજા-મુક્તિ સામે લડે છે, ખાતરી કરે છે કે ગંભીર ઉલ્લંઘન કરનારા ગુનેગારોને ઓળખવામાં આવે અને તેમને જવાબદાર ઠેરવવામાં આવે.

ઈ.સ. 2026ની 24 મી માર્ચના રોજ આવી રહેલા આંતરરાષ્ટ્રીય સત્ય અધિકાર દિવસ ( International Day for the Right to the Truth ) ની ઉજવણી માટેના મુખ્ય ત્રણ સ્તંભો નક્કી કરવામાં આવ્યા છે.

સત્તા તરીકે સત્ય: આ વર્ષે સત્યને “ઉપચાર શક્તિ” તરીકે જોવામાં આવશે જે પીડિતોના પરિવારોને તથા તેમના અન્ય સગાસંબંધીઓને તેમના પ્રિયજનો સાથે શું થયું તે જાણવા માટે સંપૂર્ણ સશક્ત બનાવે છે.

રાજ્યની જવાબદારી: આ વર્ષે આ દિવસ એ વાત પર ભાર મૂકે છે કે રાજ્યોની તમામ ઘટનાઓમાં અસરકારક તપાસ કરવાની, વિવિધ પ્રકારના ઉપાયો પૂરા પાડવાની અને ભૂતકાળના અત્યાચારો અંગેના પૂર્ણતયા તથ્યો જાહેર કરવાની અને ખાતરી કરવાની જવાબદારી છે. રાજ્યની આ જવાબદારી દ્વારા પીડિતોને સુરક્ષા, સલામતી અને ન્યાય મળશે.

વૈશ્વિક એકતા: આ ઉજવણી એવા લોકોનું રક્ષણ કરવા માટે વૈશ્વિક પગલાંને પ્રોત્સાહિત કરે છે જેઓ સત્યને ઉજાગર કરવા અને માનવ ગૌરવનું રક્ષણ કરવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકે છે. સત્યના અધિકાર માટે લડતા લોકોને સમગ્ર વિશ્વમાં જુદા જુદા પ્રકારના પગલાં લઈ ટેકો આપવા, સાથ આપવા, સહકાર આપવા વૈશ્વિક ઝુંબેશ ચલાવવામાં આવશે.

આવો, આપણે સૌ તા.24 માર્ચ, 2026 ના રોજ આંતરરાષ્ટ્રીય સત્ય અધિકાર દિવસ ( International Day for the Right to the Truth ) ની ઊજવણી સત્યને સમર્પિત થઈને કરીએ. માનવ અધિકારોના રક્ષણ દરમિયાન ભોગ બનેલા પીડિતોના ગૌરવ અને ગરિમાની સાચવણી માટે આપણે આપણું મહત્તમ યોગદાન આપીએ. સાથે સાથે એમના સગાસંબંધીઓને સત્ય જાણવાનો અધિકાર મળે તેના માટે આપણે જાગૃત થઈએ. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક ‘ગરવી ગુજરાત’ મારફતે આપણે એક જાગૃત નાગરિક / સાહિત્યકાર / વાચક તરીકે ઉપર દર્શાવેલ છેલ્લા 20 વર્ષની થીમ ( વિષયવસ્તુ )ના સંક્ષિપ્ત વિવરણ ઉપર ચિંતન મનન કરીને એના ઉપર નિર્ણાયક કાર્ય કરીએ અને અન્ય સૌને આ કાર્ય માટે પ્રેરણા આપીએ. લાગતાવળગતા સૌને અનુરોધ કરીએ કે જ્યારે અને જ્યાં તક મળે ત્યાં અને ત્યારે સત્યના અધિકાર અંગે લોકોને જાગૃત કરીએ અને આ અધિકારો માટે લડતા લોકોને સંપૂર્ણ સાથ આપીએ.

# પ્રેમનો પ્રભાવ-ભક્તિની શક્તિ



લેખક
નિર્મળાબેન દરજી
કેનેડા

વ્રજનું સ્મરણ થતાં જ વ્રજના વિહારી - નંદનંદનનું સ્મરણ તાજું થાય. વ્રજ કેવું અલૌકિક સૌંદર્ય જ્યાં મંદ મંદ શીતલ વાયરો વાઈ રહ્યો હોય છે. કુંજ-નિકુંજો પુષ્પોથી મહેંકી રહી છે. ભ્રમરોનું મધુર ગુંજારવ જાણે વેણુનાદનો ભાસ કરાવે છે. જ્યાં-જ્યાં નજર પહોંચે ત્યાં ત્યાં બસ ગોપાલ, કનૈયો.

“નિત્ય લીલા નિત્ય નૌતમ શ્રુતિ ન પામે પાર.”

શ્રી યમુનાજી જાણે સાક્ષાત્ સ્નેહરસનું સ્વરૂપ ધારણ કરી વહી રહ્યા છે. વ્રજના સમગ્ર અણુ અણુમાં સૌંદર્ય અને પ્રેમનો સાગર હિલોળા લઈ રહ્યો છે. અનેકવિધ શ્રી બાલમુકુંદની લીલાઓ પ્રગટ થઈ રહી છે. આ અલૌકિક લીલાની ઝાંખી આપણને આપણા અહંકાર ભર્યા હૃદય અને ચામડાના નયનોથી શક્ય નથી. તેના માટે ફક્ત ‘સંસારની વાસનાઓ, લૌકિકતાથી મુક્ત થઈ માત્ર ને માત્ર કૃષ્ણને માટે જ વ્રજવાસ કરનારા ભગદીયોને પ્રભુ કૃપા અને શ્રી યમુના મહારાણીમાના અનુગ્રહથી બનેલી આવી અલૌકિક લીલાઓની પ્રાપ્તિ થઈ શકે છે.

પૂર્ણ પુરુષોત્તમ સર્વેશ્વર પ્રભુ ભક્તિને આધીન છે. ભક્તિમાં એટલી શક્તિ છે, સામર્થ્ય છે, તેની સામે ઈશ્વરનું ઈશ્વરત્વ પણ પ્રભાવ પાડી શકતું નથી. જ્યાં વૈષ્ણવો ભાવાવેશમાં ઉછળી-ઉછળી ગાતા હોય ત્યાં હરિરાયજીને વૈષ્ણવોમાં અલૌકિક ભાવ સ્વરૂપ શ્રી નાથજીબાવાના દર્શન થયા, તે જ ભાવાવેશમાં શ્રી હરિરાયજીએ કહ્યું, “હૌ વારી ઈન વલ્લભિયન પર”.

એક બાજુ માતા યશોદાજીનું “વાત્સલ્ય” તો બીજી બાજુ શ્રી કૃષ્ણની “ઐશ્વર્ય શક્તિ”. બંનેના સંઘર્ષના પરિણામે માતાના વાત્સલ્ય પર પ્રભુના ઐશ્વર્યનો પ્રભાવ પડતો નથી.

જ્ઞાન, શક્તિ નથી કે તે વસ્તુના સ્વરૂપમાં ફેરફાર કરી શકે. કેવળ વસ્તુના યથાર્થ સ્વરૂપ બરાબર દર્શાવી શકે. પરિવર્તનની શક્તિ પ્રેમમાં છે. જેના બળ ઉપર માતા યશોદાજીએ નિર્ગુણ, નિરાકાર, પરમાત્માને પોતાના વાત્સલ્યની વસ્તુ બનાવી, સાકાર, સગુણ પ્રભુને પોતાની ગોદમાં લઈ પોતાનું દૂધ પીતો ‘લાલો’ બનાવ્યા. જ્ઞાનનું કામ ઘટને ઘટ અને પટને પટના રૂપમાં પ્રકાશિત કરવાનું છે, પણ જડને ચેતન, ચેતનને જડ - જીવને ઈશ્વર અને ઈશ્વરને જીવ બનાવવાની શક્તિ તો માત્ર ભક્તિમાં છે.

આપણા મનને ગોકુલમાં આવેલ નંદબાબાના નંદાલયમાં લઈ જઈએ, જ્યાં વાત્સલ્ય લીલા ચાલી રહી છે. એક નાનું સરખું શામળું સુંદર બાળક આ જ સર્વસ્વ છે. એના સિવાય અન્ય કોઈ નથી. ચિત્તને એમાં પરોવો, જુઓ કેટલો આનંદ, પરમાનંદ મળે છે. પ્રેમ વિના આનંદનો ઉભરો ક્યાંથી આવે? માતા યશોદા ખોળામાં લે, જમીન પરથી લે, પારણામાંથી લે, હીંચકા ઉપરથી લે, ગમે ત્યાંથી ઉપાડે છે ને ગોદમાં લે છે. આ ઉપાડવાનું સ્નેહ, પ્રેમનું અધિકપણું છે. દૂધ એની મેળે આપોઆપ વહી રહ્યું છે. આ જ સ્નેહની અતિશયતા છે. પિતા, ભાઈ, ગુરુજન પણ સ્નેહ કરે છે, પણ માતાના હૃદયમાં જે પુત્ર તરફ સ્નેહ છે, તે જ દૂધ બની બહાર નીકળે છે. સૃષ્ટિ મધ્યે આવો અન્ય કોઈનો સ્નેહ બીજા તરફ હોતો નથી. પુત્ર તરફનો માતાનો આ સ્નેહ સંબંધ અદ્વિતીય છે.

માતાના સ્તનમાંથી દૂધ પોતાની મેળે જ વહી રહ્યું છે. દૂધ પણ ઈચ્છે છે તો તે શામળા શ્યામસુંદરના મુખારવિંદ સુધી પહોંચે. માતા પણ પોતાના લાલાને શ્રમ ન પડે માટે પોતાની સ્તન તેના મોંમાં મૂકે છે. આ જ તો “નખથી શિખ સુધી સ્નેહથી પૂર્ણ” આવી માતાની વાત છે. દૂધ આપોઆપ પીવડાવવામાં પ્રેમ છે. આમ મા વિચારે છે. લાલો ખાતો નથી તો તેને ખવડાવશે અને તે ખાવા માંડે તો વિચારે “આને આટલું ખાવાથી કંઈ નુકશાન નહિ થાય”. બાળક દૂધ ન પીવે તો પીવડાવવાનું મન થાય અને જ્યાં પીવા માંડે ત્યાં ચિંતા થાય, વધારે ન પી ગયું. માતા યશોદાજીએ વિચાર્યું, લાલો વધુ દૂધ પી જશે તો તેને નુકશાન થશે. દૂધ પાવાનો આશય, તાત્પર્ય - બાળકના શરીરમાં પોતાનું દૂધ પહોંચાડવું એટલું નથી, તેનો હેતુ બાળક હૃષ્ટપુષ્ટ થાય. પ્રેમ હિત ઈચ્છે, નુકશાન નહિ. બાળક તો બાળક છે. પોતાનું હિત-અહિત શું સમજે. તેને ખબર નથી કેટલું દૂધ પીવામાં તેનું ભલું રહેલું છે.

માતા યશોદાજીને ખાતરી થઈ, સમજ્યા કે મારા લાડકવાયા કાનાનું પેટ ભરાઈ ગયું છે. જો માતા એકાએક તેને દૂધ પીવડાવવાનું અટકાવી દે તો બાળક રડવા લાગે. માતા યશોદાજીએ લાલો રડે નહિ તે માટે “રુચિર સ્મિત સુખં લાલયતિ” લાલાનું મુખ ચૂમતા લાલો હસી પડ્યો.

માતા યશોદાએ પોતાના હૃદયનું સ્નેહભર્યું દૂધ પાયું એ માતાના હૃદયની સ્નેહવાળું શુદ્ધ સત્ય છે. તેથી માતા મારા મુખ્ય રૂપના દર્શનનાં અધિકારિણી છે. પ્રભુએ તરત મુખ્ય રૂપ પ્રગટ કરી દીધું. માતા વિચારે છે, લાલો હવે વધુ દૂધ ન પીવે. શ્રીકૃષ્ણે પ્રગટ કર્યું હું કેટલું ય દૂધ પીવું પણ અજીર્ણ થઈ શકતું નથી. વધારે પાવા સાહે ત્યારે માતા કહે છે “બસ બસ કેટલું પીશ અપચો થશે.”

પ્રભુએ કહ્યું “જે મારી મા છે તે સંપૂર્ણ વિશ્વની મા છે. તારું દૂધ હું એકલો થોડી પી રહ્યો છું, આખું વિશ્વ પી રહ્યું છે. મને અપચો થવાની શંકા ન કરશે. મને જીવ ન સમજે “હું વિશ્વાત્મા છું”.”

પ્રભુએ ઐશ્વર્ય પ્રગટ કર્યું. સંપૂર્ણ વિશ્વ, બ્રહ્માંડ શ્રીકૃષ્ણના મુખારવિંદમાં માતાએ જોયું. પણ જોયા પછી ઐશ્વર્યનો માતા પર કોઈ પ્રભાવ ન પડ્યો. સંપૂર્ણ વિશ્વાત્મારૂપ પ્રભુ થયા, છતાં યશોદાજી ઉપર શ્રીકૃષ્ણના ઐશ્વર્યનો કોઈ પ્રભાવ ન પડ્યો. “ઐશ્વર્ય શક્તિ હારી” અદ્રશ્ય થઈ. દીકરો ઊંચા પદે પહોંચે, માતા પર રોફ ન પડે. રોફ બતાવવા જાય તો ક્રોધ કરી બે-ચાર વાતો માતા સંભળાવે. જેને પેટમાં રાખ્યો, નાનું સરખું શરીર તોલ્યું, દૂધ પીવડાવ્યું, ખોળામાં લઈ સુવડાવ્યો, તે તારી માતા સામે ઈશ્વર બનવા માંગે છે. માતા દબાવે નહિ, અહીં યશોદા માતાને શ્રીકૃષ્ણના ઈશ્વરાવતાર પર વિશ્વાસ જ નથી. પ્રેમનો આ જ તો મહિમા છે. તેની સામે ઈશ્વરની ઈશ્વરતા દબાઈ જાય છે.

સ્વયં શ્રીકૃષ્ણ કહે છે,

“અહં ભક્ત પરાધીનો”

શ્રીકૃષ્ણના મુખારવિંદમાં વિશ્વ જોવું શક્ય છે. આશ્ચર્ય તો થયું માતાને, કે મારા લાલાના મુખમાં આ કંઈ ગરબડ - ગોટા જેવું દેખાય છે, પણ વિશ્વાસ ન આવ્યો. મારી આંખોનો દોષ કે ભ્રમ છે જેથી લાલાના મુખમાં આ બધી બખેડો દેખાય છે. આ વસ્તુ સૃષ્ટિ નથી, દ્રષ્ટિ સૃષ્ટિ છે. માતાએ આંખો બંધ કરી. “ઐશ્વર્ય શક્તિ” નાસી ગઈ.

આમ માનું વાત્સલ્ય જોઈ ઐશ્વર્ય નાસી ગયું.

“આ જ તો માતાના પ્રેમનો પ્રભાવ છે.”

“જય શ્રી કૃષ્ણ”



# કડવો લીમડો, મીઠું આરોગ્ય : ચૈત્ર નવરાત્રીમાં કડવા લીમડાના રસનું ધાર્મિક અને આયુર્વેદિક મહત્વ

ગરવી ગુજરાત ડિજિટલ ન્યુઝ પેપર ના તંત્રી શ્રી સુજ્ઞેશ પટેલ ની કલમે

ચૈત્ર નવરાત્રી, એટલે વસંત ઋતુની સાથોસાથ શરીર-મન-પ્રકૃતિ ત્રણેનું નવું સંતુલન સ્થાપવાની તકોનો પવિત્ર સમય. આ સમયગાળામાં કડવો લીમડો (નીમ) ખાવાની પરંપરા ભારતીય સંસ્કૃતિમાં માત્ર ધાર્મિક માન્યતાથી નહીં, પણ ગહન આયુર્વેદિક વિજ્ઞાનથી પણ જોડાયેલી છે. ચૈત્ર મહિનામાં લીમડાના ઝાડ પર કૂમળા પાન અને ઝીણા ફૂલ (મોર) ભરપૂર પ્રમાણમાં આવે છે, તેથી આ સંધિ-કાળમાં તેનો સેવન સર્વરોગપ્રહારી અને રોગપ્રતિકારક ટોનિક ગણાય છે.

## ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ

ચૈત્ર નવરાત્રીની શરૂઆત સાથે જ વર્ષનું કુદરતી "નવું વર્ષ" માનીને શરીરને શુદ્ધ અને શુદ્ધિકરણની પ્રક્રિયા શરૂ કરવાની પરંપરા છે, જેમાં કડવો લીમડો "શુદ્ધિકરણનું પ્રતીક" માનવામાં આવે છે. કડવો સ્વાદ તપ, ત્યાગ અને વીરાસા સાથે જોડાતો હોવાથી દેવિ-ઉપાસના દરમ્યાન તેને સ્વીકારવો પોતાના અંતરંગને શુદ્ધ કરવાનું સંકેત આપે છે. માતાજીની આરાધના સમયે કડવા લીમડાના પાનનો માળા, પર્ણમાળા અથવા પાંચ-સાત પાન ખાવાની રીતને "અહંકાર અને રાગ-દ્વેષના કડવાશને ગળી જવાની" ધાર્મિક ઉપમા પણ અપાય છે.

ઘણા પ્રદેશોમાં ચૈત્ર મહિનાની પ્રથમ નવરાત્રિએ ઘરમાં બધાને વહેલી સવારે કડવા લીમડાનું પાન કે તેની સાથે મીઠું-ગોળ લઈને ખવડાવવાની પ્રથા આજેય જીવંત છે. બાળકોથી લઈને વૃદ્ધ સુધી - સૌને એક જાતની 'નૈતિક અને શારીરિક રસીકરણ' જેવી ભાવના હેઠળ કડવો લીમડો અપાય છે, જેથી આખું વર્ષ તેઓ રોગ-રોગાણુઓથી રક્ષિત રહે તેવી શ્રદ્ધા છે.

## ચૈત્ર મહિનામાં જ કેમ? ઋતુપરિવર્તન અને પ્રકૃતિનો સંદેશ

ચૈત્ર માસ ફાગણના અંત અને ઉનાળાની શરૂઆત વચ્ચેનો સંધિ-કાળ છે, જ્યાં શિયાળાની ગાઢ ઠંડી બાદ ધીમે ધીમે ગરમી વધવા લાગે છે. આ ઋતુપરિવર્તન દરમિયાન શરીરમાં કફ-પિત્તનો અસંતુલન, ચામડીના રોગ, એલર્જી, ઉકળાટ, તાવ, પાચન બગાડ જેવા રોગો વધવાની શક્યતા રહે છે, તેથી પ્રાચીન ઋષિ-મુનિઓએ આ જ સમયમાં લીમડાના સેવન પર ભાર મૂક્યો.

આ ઋતુમાં લીમડાના પાન અને ફૂલ બંને સર્વાધિક તાજા, કૂમળા અને ઔષધીય રસથી સમૃદ્ધ રહે છે. કુમળા પાનમાં રહેલ કડવા તત્ત્વો, તેલ અને રસ વર્ષના અન્ય સમયમાં કરતાં વધુ સક્રિય માનવામાં આવે છે, એટલે ચૈત્રમાં લેવાયેલું થોડું પ્રમાણ વર્ષભર આરોગ્યની રક્ષા માટે પૂરતું રહે - એવી પરંપરાગત માન્યતા છે.


## આયુર્વેદિક દૃષ્ટિએ કડવા લીમડાના ગુણધર્મ

આયુર્વેદમાં લીમડાને સર્વરોગહરી, કૃમિઘ્ન, કફ-પિત્તશામક અને રક્તશોધક ઔષધિ ગણાવવામાં આવી છે. લીમડાનો સ્વભાવ શીતલ (ઠંડક આપનાર), હળવો, કડવો અને થોડો તીખો વર્ણવાયો છે અને તે મુખ્યત્વે કફ અને પિત્ત દોષને શાંત કરી ત્રિદોષનું સંતુલન સ્થાપે છે.

લીમડાના રસના મુખ્ય આયુર્વેદિક ગુણધર્મોને નીચે પ્રમાણે સમજાવી શકાય:

રક્તશોધક (Blood purifier) : કડવો લીમડો રક્તમાંથી વિકારોને દૂર કરીને ચામડી અને આંતરિક પ્રણાલીને શુદ્ધ રાખવામાં મદદરૂપ માનવામાં આવે છે; ફોડા, પિંપલ્સ, ખંજવાળ, સોરીયાસિસ જેવા ત્વચા-વ્યાધિઓમાં પરંપરાગત રીતે તેનો ઉપયોગ થતો આવ્યો છે.

કફ-પિત્તશામક: ગરમી વધતા કફ અને પિત્ત વધી જાય ત્યારે ઉકળાટ, તાવ, ઉલટી, આંટી, એસિડિટી, જઠરદાહ જેવી સમસ્યાઓ થાય છે; કડવો અને થોડો તીખો સ્વાદ કફને સૂકવી અને પિત્તને શાંત કરતો માનવામાં આવે છે.



કૃમિઘ્ન અને જઠરાગ્નિ-દીપક: આંતરડાના કૃમિ, અફરા, ગેસ અને અપૂર્ણ પાચન જેવી તકલીફોમાં લીમડાનું સૂક્ષ્મ કડવું તત્ત્વ અતિરિક્ત કૃમિ અને જંતુઓને નષ્ટ કરીને જઠરાગ્નિને મજબૂત બનાવે છે.

રોગપ્રતિકારક શક્તિમાં વધારો: ઋતુપરિવર્તન સમયે થતી ટાઈફોઈડ, મેલેરિયા, વાયરલ ફીવર વગેરે સામે શરીરની પ્રાકૃતિક રક્ષણશક્તિને સશક્ત બનાવી તેને "પ્રાકૃતિક ઢાલ" તરીકે કામ કરાવવાનો ઉદ્દેશ છે.

મધુમેહ અને ચરબી નિયંત્રણ: કડવો સ્વાદ મીઠાઈ અને અતિખોરાક તરફનો ઝુકાવ ઘટાડે છે, ગ્લુકોઝ મેટાબોલિઝમમાં મદદરૂપ બની રક્તમાં શુગરનું સંતુલન જાળવવામાં સહાયક ગણાય છે; સાથે જ યકૃત અને પાચનતંત્રને શુદ્ધ રાખીને લિપિડ પ્રોફાઈલ પર પણ હિતકારક અસર પેદા કરે છે - એવી પરંપરાગત માન્યતા છે.

## કડવા લીમડાના રસની પરંપરાગત સેવન પદ્ધતિઓ

ચૈત્ર નવરાત્રી અને આખા ચૈત્ર મહિનામાં લીમડાનું સેવન સામાન્ય રીતે સવારે નરણા કોઠે (ખાલી પેટે) કરવાની સલાહ આપવામાં આવે છે, જેથી તેનું ઔષધીય ટોનિક સ્વરૂપ શરીરમાં સરળતાથી શોષાય. વિવિધ લોકપ્રચલિત પદ્ધતિઓમાં નીચેની રીતો ખાસ પ્રચલિત છે (એકેય પ્રકારનો ઉપયોગ હંમેશાં જાણકાર વૈદ્ય/ડોક્ટરની સલાહથી જ કરવો):

5-8 કૂમળા લીમડાના પાન ખૂબ ચોખ્ખા ધોઈ, થોડો લીલું મીઠું/સિંધવ અને કાળા મરી સાથે ચાવીને ખાવા.

કડવા લીમડાના ઝીણા ફૂલ (મોર) અને કૂમળા પાનને થોડું પાણી, જીરું, હીંગ અને મીઠું સાથે કૂટી તેનો પાતળો રસ બનાવી સવારમાં નાનું પ્રમાણ પીવું.

કૂમળા પાનનો ચુર્ણ (સૂકવીને પાવડર) બનાવી, અડધી ચમચી જેટલું માત્રા પાણી સાથે લેવી.

કેટલીક જગ્યાએ લીમડાના પાનને રાતોરાત પાણીમાં પલાળી આ પાનથી સ્નાન કરવાનું, અથવા તે પાણીથી શરીરને ઘસીને સ્નાન લેવાનું પણ પ્રચલિત છે, જેને ત્વચા શુદ્ધિકરણ અને શીતળતા માટે ઉપયોગી માનવામાં આવે છે.

આ સૌ પદ્ધતિઓમાં મૂળ ભાવ એ છે કે ચૈત્ર નવરાત્રીનો પ્રભાત શરીરની અંદર અને બહાર બંને સ્તરે શુદ્ધિ આપે છે.

**ખાસ નોંધ - હજુ પણ જેને ઇન્ડિયાથી કોઇ આવતું હોય તે કડવા લીમડાના પાન નો પાવડર મંગાવી ચૈત્ર મહિનો ચાલે છે ત્યાં સુધી ગમે ત્યારે ઉપયોગમાં લેવાથી ફાયદો થાય છે**



**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર)
4379670062

# મર્યાદા પુરુષોત્તમ રામનો પ્રાગટ્યોત્સવ એટલે રામ નવમી



લેખક
ડૉ.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક
(જૈન સંગીતકાર)

ચૈત્ર મહિનાની સુદની નોમને જ રામનવમી કહેવામાં આવે છે. આ દિવસે કૌશલ્યાએ ભગવાન શ્રી રામને જન્મ આપ્યો હતો. ભગવાન શ્રી રામચંદ્રજી મર્યાદા પુરુષોત્તમ ગણાય છે, જ્યારે શ્રી કૃષ્ણચંદ્રજી પૂર્ણ પુરુષોત્તમ ગણાય છે. ભગવાન વિષ્ણુ નો સાતમો અવતાર એટલે ભગવાન શ્રીરામ.

હિંદુ ધર્મના શાસ્ત્રોમાં વર્ણવ્યા અનુસાર જ્યારે ઋષિ સંસ્કૃતિ ઉપર દૈત્ય શકિતઓ હાવી થવા લાગી ત્યારે શ્રી રામે તેમનો નાશ કરવા માટે જન્મ લીધો. તે સમય હતો બપોરના બાર વાગ્યાનો અને તીથિ હતી ચૈત્ર સુદ નવમી. આમ રામનવમી માત્ર શ્રી રામના જીવનની જ નહીં પણ એક એવા પુત્રની પણ આપણને યાદ અપાવે છે, જેમાં એક વ્યકિતએ પિતા, માતા, ગુરુ, પત્નિ, નાના ભાઈ ભાડું પ્રત્યેની ફરજો ઉપરાંત કુટુંબ તેમજ સમાજ પ્રત્યેની ફરજો નિષ્ઠાપૂર્વક બજાવવા સાથે એક મર્યાદા પુરુષોત્તમ તરીકેનું, એક પૂર્ણ પુરુષનું, જીવન વ્યતિત કર્યુ.

રામ નવમી વસંત ઋતુમાં આવતો હિંદુ તહેવાર છે, જે ભગવાન રામનો જન્મદિન છે.

રામ શબ્દ માં "ર-અ-મ" એમ ત્રણ અક્ષરો છે.

"ર" એ અગ્નિનું."અ" એ સૂર્ય નું અને "મ" એ ચંદ્ર નું બીજ છે. આ ત્રણે મોહ-રૂપી અંધકારનો નાશ કરે છે.

"ર" કાર બ્રહ્મામય,"અ"કાર વિષ્ણુમય અને "મ"કાર એ શિવમય છે.

એટલે રામ-નામ કાર સમાન છે

રામ નો મૂળ અર્થ રમણ (નિવાસ,વિહાર) કરવાનો છે.તે દરેક ના જીવ ના હૃદય માં રમણ છે(વાસ) છે.તેવી જ રીતે "રામ" અને ભકતો તેમનામાં રમણ (ધ્યાન) કરે છે તેથી તેઓ પણ રામ છે.

"રામ તે કેન ઈતિ રામઃ"

પ્રભુ શ્રી રામ ના જ્યારે દર્શન કરીયે છીએ ત્યારે પ્રભુ રામ અહર્નિશ ધનુષ્ય-બાણ થી સજ્જિત હોય છે. ભલે તે વનમાં હોય કે રાજ્યાસન પર બિરાજેલા હોય પરંતુ ધનુષ્ય બાણ વિના રામ ના દર્શન દુર્લભ છે. ચાલો આધ્યાત્મિક રીતે ધનુષ્ય બાણ નું મહત્વ સમજીએ.

ધનુષ્યને ઉપનિષદમાં પ્રણવની એટલે કે કારની અને બાણ ને આત્મા ની ઉપમા આપી છે.. તેથી સંતો કહે છે કે" કાર રૂપી ધનુષ્ય પર આત્મા રૂપી બાણ ચડાવી પરમાત્મા રૂપી લક્ષ્યને વીંધવાનું છે."ૐ કાર ની સહાય વડે આત્મા-પરમાત્માનું ઐક્ય સાધવાનું




છે..આમ "ૐ કાર "ધનુષ્ય પર "વિવેક "રૂપી બાણ ચઢાવતાં સાયુજ્ય મુક્તિ પ્રાપ્ત થાય છે..

*શ્રી રામ ના નવ ગુણોઃ-

૧).મર્યાદા પુરુષોત્તમ રામઃ-

સૌ પ્રથમ તો આપણે મર્યાદા પુરુષોત્તમનો અર્થ જાણવો જોઈએ. આ શબ્દ એક સંસ્કૃત શબ્દ છે જેમાં મર્યાદા શબ્દનો અર્થ થાય છે સન્માન અને ન્યાય પરાયણ, તેમજ પુરુષોત્તમનો અર્થ થાય છે સર્વોચ્ચ વ્યક્તિ. આ બંને શબ્દ મળીને એક શબ્દ બને છે.

રામના વ્યક્તિત્વ માં ત્રણ બાબતો સ્પષ્ટ તરી આવે છે.

૧. એક વચનઃ- પિતાના વચનને પાળવા ભર યુવાનીમાં ૧૪ વર્ષનો વનવાસ. રામ માતા કૈકેયી ને કહે છે કે

"સુનુ જનની સોઈ સુતુ બડભાગી ।
જો પિતુ માતુ વચન અનુરાગી ॥

માતા તમારા કહેવાથી હું રાજી ખુશી થી ભાઈ ભરતને રાજ્ય જ નહીં પરંતુ સીતા,મારો જીવ,ઈષ્ટ,અને ધન બધું જ ત્યાગી શકું છું. આમ આજ્ઞાકારી અને શુભ ચિંતક રામ તેમના જીવનને સંકટ માં મૂકી શકે છે. આવા રામ ના આદર્શને આજનો કોઈ પુત્ર પૂરો નહીં કરી શકે.!

(૨) .એક બાણઃ- રામનું બાણ અમોધ હોવાથી એકવાર છૂટયા પછી પાછું ફરતું નથી.સીતાના સ્વયંવર વખતે પરશુરામ ના ધનુષ પર ચઢાવેલું બાણ પાછું ઉતારવાની ના કહી.

(૩) એક પત્નીવ્રતઃ- યજ્ઞ માં સીતાની પ્રતિમાને સહધર્મચારિણી તરીકે મૂકી તેમણે બહુ પત્નીત્વ ના યુગ માં "એક પત્નીવ્રત નો આદર્શ નો પ્રારંભ કર્યો.

(૨) ગુરુનો આદરઃ ગુરુ ની આજ્ઞાથી જ ધનુષ તોડયું હતું સીતાને સ્વયંવર માં જીતી હોવા છતાં પિતાની સંમતિ વિના તેનો સ્વીકાર કરવાની ના પાડી અને કૈકેયી વિષે જ્યારે ભરત આકરા શબ્દો વાપરે છે ત્યારે તેઓ ભરતને અટકાવે છે અને કહે છે : 'માતા પણ પિતા જેટલી જ પૂજનીય છે.'

મોસાળે થી ભરત અયોધ્યા પાછા ફરે છે ત્યારે કૈકેયી કહે છે કે રામ ને વનવાસ અને ભરતને અયોધ્યા નું રાજ્ય .આ સાંભળતા તેનું હદય

વીંધાઈ જાય છે પણ ગુરુ વશિષ્ઠ ની આજ્ઞા ને વધાવી લે છે. ત્યારે વશિષ્ઠ મુનિ આશ્વાસન આપતાં કહે છે કે

"સુનહુ ભરત ભાવિ પ્રબલ
બિલખિ કહેઉ મુનિનાથ ।
હાનિ લાભ જીવન મરન
જસુ અપજસુ બિધિ હાથ ॥ "

(હે ભરત. હાનિ લાભ,જીવન મરણ,જશ અપજશ બધું જ વિધાતા ના હાથમાં છે આપણે કશું જ કરી શકતા નથી.)

(૩) કુટુંબ પ્રેમઃ- આમ કૈકેયી દ્વારા વનવાસ પ્રાપ્ત થયો પણ તેના પ્રત્યે મનમાં કોઈ દ્વેષ ભાવ નથી. આધુનિક(મોર્ડન) યુગ માં વિભક્ત કુટુંબો એ શીખવા જેવું છે કે સંપતિની લાલસા નો ત્યાગ કરીને સગા સંબંધીઓ પ્રત્યે આવો જ કુટુંબ પ્રેમ દર્શાવવો જોઈએ.

(૪) પિતૃ આજ્ઞાકારી :-

બધું જાણતા હોવા છતાં શ્રી રામે માતા કૈકેયી ને આપેલું વચન સુપેરે નિભાવ્યું હતું. પિતૃ,માતૃ,ભ્રાતૃ પ્રેમમાં લાલચ કે વિશ્વાસઘાતને સ્થાન જ નથી.

કૈકેયી ને સંપૂર્ણ સજ્જ થઈને કહે છે કે હે દેવી ! મહારાજા દશરથ ને જે કંઈ મુંઝવણ છે તે નિસંકોચ મને વ્યક્ત કરો ને હું પ્રતિજ્ઞા કરું છું કે પિતાની આજ્ઞા ને જીવનભર પાળીશ..માતા તમે મારું એ વચન યાદ રાખો કે રામ બે પ્રકારની વાત કદી કરતા નથી."રામો દ્વીનારભિ ભાષતે"

(અર્થાત્ રામ જે કહે છે તે કરે છે.)

(૫) ભાઈચારો :-

તેમણે ક્યારેય ગુસ્સો કર્યો નથી કે ભાઈ ના અંતરને વાંચવાનો પ્રયાસ કર્યો છે.લક્ષ્મણ ને જનકપુર જોવાની ઈચ્છા હોવા છતાં ગુરુ કે ભાઈને કહી શકતા નહોતા. અંતર્યામી રામ એની ઈચ્છા ને જાણી ગયા અને ગુરુ ને કહ્યું કે લક્ષ્મણ ની જનકપુર જોવાની ઈચ્છા છે.

"નાથ લખનુ પુર દેખન ચહહિ ।
પ્રભુ સકોચ ડર પ્રગટ ન કહહી ॥"

ભરત વનમાં મળવા આવે છે ત્યારે લક્ષ્મણ ના મનમાં દ્વેષ ભાવ જન્મે છે ત્યારે રામ તેને સમજાવે છે.આજના યુગમાં જો રામ નો આ ગુણ નવી પેઢી માં ઉતરે તો કૌટુંબિક કલહ શાંત થઈ જાય.

(૬) વિનિતતા /વિનમ્રતા :-

સીતા હરણ વખતે તેમની રક્ષા દરમ્યાન હણાયેલા જટાયુને કણસતો જોઈને શ્રીરામનું હૈયું દ્રવી ઊઠે છે. તેઓ જટાયુના મસ્તકને પોતાના ખોળામાં રાખીને તેને સાયુજ્ય મુક્તિ આપે છે. તુલસી દાસજી કહે છે કે

"ગીધ દેહ તજિ ધરી હરિ રૂપા ।
ભુષન બહુ પટ પીત અનુપા ॥"

ગીધ દેહ ભગવાન શ્રી હરિ નું ચતુર્ભુજ રૂપ ધારણ કરીને મુખ પર મુક્તિ નો અનેરો આનંદ છે. છેલ્લે તેમનો અગ્નિસંસ્કાર કરીને ત્રણેક વાર તેમને તાત કહીને બોલાવે છે. આ સૌભાગ્ય દશરથને નથી મળ્યું પણ તે જટાયુને મળ્યું.આ ઉપરાંત રાવણ ને વિનમ્રતા થી સમજાવવા અંગદ સાથે યુધ્ધ અટકાવવા પ્રસ્તાવ મોકલે છે. અમારું કાર્ય પણ થાય અને તમારું હિત પણ થાય .

"કાજુ હમાર તાસુ હિત હોઈ રિપુસન કરેહું બતકરી સોઈ"

(૭) ધીરજ:- જ્યારે રામ ભારદ્વાજ મુનિ ના આશ્રમ માં આવે છે ત્યારે રામ સીતાના વિયોગમાં વિહવળ બની જતા સંકટ સમયે કઈ ચાર વસ્તુઓની પરીક્ષા થાય છે  તે સમજાવવા તુલસીદાસજી અરણ્યકાંડ માં સુંદર ચોપાઈ દ્વારા રજૂઆત કરે છે.

"ધીરજ ધરમ મિત્ર અરુ નારી ।
આપત કાલ પરખીયે  ચારી ॥."

જ્યારે વિભીષણે રામ ને સમુદ્ર પર સેતુ બનાવવા માટે સમુદ્ર ને વિનંતી કરીને આજ્ઞા લેવાની સલાહ આપી. તે સમયે તેમણે સમુદ્ર કિનારે દર્ભનું આસન બિછાવીને ત્રણ દિવસ સુધી સમુદ્ર ની પ્રતિક્ષા કરી.ન તેમણે ક્રોધ કર્યો ન ધીરજ  ગુમાવી અંતે  જ્યારે સમુદ્ર તરફ થી કોઈજ પ્રતિભાવ ન મળતાં રામ નો પુણ્ય પ્રકોપ કેવો હતો તે તુલસીદાસજી સુંદરકાંડ માં આ દોહા દ્વારા સમજાવે છે.

"બિનય ન માનત જલધિ જડ
ગએ તિની દિન બિતી ।
બોલે રામ સકોપ તબ
ભય બિનુ હોઈ ન પ્રીતિ ॥ "

સમુદ્ર ને પોતાની ભૂલ સમજાતાં શરણે આવીને માફી માંગે છે ત્યારે ઉદારતાથી તેને ક્ષમા પણ આપી દે છે

(૮). મિત્રતા:-

કિષ્કિંધા કાંડ માં મિત્ર કેવો હોવો જોઈએ તે વિશે આ ચોપાઈ માં રામ સુગ્રીવ ને કહે છે કે મિત્રના દુઃખ



માં દુઃખી બનીને  મિત્રના દુઃખને મેરુ સમાન ગણે અને પોતાના દુઃખને રજકણ સમું ગણે.

"જનમિત્ર દુખ હોહિ દુખારી ।
તિનહ બિલોકત પાતક ભારી ॥
નિજ દુખ ગિરિ સમ રજકરિ જાના ।
મિત્રક દુખ રજ મેરુ સમાના ॥"

પોતાના શત્રુ રાવણ નો નાનોભાઈ વિભીષણ જ્યારે રામ ની શરણ માં આવે છે  ત્યારે શરણાગત વત્સલ તેને ભેટીને સમુદ્ર ના જળથી તેનો અભિષેક કરીને "લંકેશ" સંબોધન કરીને લંકા નું રાજ્ય સોંપીને સંકોચ  સહિત કહે છે કે હું તને કશું જ આપી શક્યો નથી. તેથી જ તુલસીદાસજી કહે છે કે

"એસો કો ઉદાર જગમાંહી
રામ સરિખો કછુ નાહી."

૯) પ્રજા વત્સલ રામ એટલે આદર્શ રામરાજ્ય :-

ત્રેતાયુગ માં  અન્ય રાજવીઓ કરતા  પ્રજાના હૃદય માં ભગવાન શ્રી રામ નું શ્રેષ્ઠ સ્થાન હતું. . વનવાસ ની પૂર્ણાહૂતિ બાદ  રાજ્યાભિષેક પૂર્ણ થયા બાદ અયોધ્યાની ગાદી ઉપર બિરાજમાન થઈને માત્ર પ્રજા હિતના કાર્યો  પ્રત્યે જ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરીને પ્રજાકીય પ્રશ્નોને સાંભળીને તેમનું ત્વરિત નિરાકરણ લાવતા હતા.

તેઓ ભરત ને રાજા કેવો હોવો જોઈએ તે  નીચે ના સમજાવે છે.તુલસીદાસજી ચોપાઈ માં કહે છે કે" મુખિયા મુખ સો ચાહિયે
ખાન પાન અરૂ એક ।
પાલઈ પોષઈ સકલ અંગ
તુલસી સહિત બિબેક ॥

(અર્થાત્ રાજા મુખ (મોંઢા)જેવો હોવો જોઈએ.જેમ મુખ એકલું આહાર લે છે પરંતુ તે બધા અંગોને  પોષે છે.)

પણ રામ રાજ્ય ની અફસોસ ની વાત એ છે કે જયારે એક ધોબી દ્વારા સીતા માતા ના ચારિત્ય પર આંગળી ઉઠાવવામાં આવી ત્યારે આજ પ્રજાએ મૌન સેવ્યું તો પણ  શ્રી રામે પોતાના પરિવાર  ને ગૌણ ગણી ને પ્રજા ના પ્રતિનિધિ ધોબી ને માંગણી ને સ્વીકારી અને સીતા ની અગ્નિ પરીક્ષા લીધી હતી. આજ રામ ની નીતિ ને કારણે રામ રાજ્યમાં ક્યારેય ચોરી, અપહરણ અને લૂંટ ફાટ નહોતી થતી. વળી તેમના રાજ્ય માં કોઈપણ વ્યક્તિ ભૂખી રહેતી ન હતી. આ કારણે પ્રજાવત્સલ રાજવી તરીકે માત્ર દેશમાં જ નહિ વિદેશોમાં પણ શ્રી રામની કીર્તિ પતાકા લહેરાતી હતી.

મારા બ્રહ્મલીન ગુરુશ્રી લક્ષ્મણ દાસજી મહારાજ ના ગુરુ ના આશ્રમ (શ્રી ખાખીજી મહારાજની જગ્યા,
શ્રી રામજી મંદિર, કટાવ ધામ . તાલુકો.સુઈગામ જિલ્લો:બનાસકાંઠા)

છેલ્લા ૧૦૦ વર્ષ થી ચૈત્ર સુદ પૂનમ થી ૩ દિવસ સુધી રાત દિવસ અખંડ રામધૂન આજે પણ થાય છે.

અંતમાં શ્રી રામજી પ્રત્યે ની મારી શ્રદ્ધાને આ ચોપાઈ દ્વારા વ્યકત કરીને મારા રામ નવમીના લેખને વિરામ આપું છું.

ખેતી - NAની જમીન
Savli, Waghodia, Panchmahal, Anand, Nadiad, Ahmedabad
ખરીદ-વેચાણ તથા ભાડે લેવા માટે મળો
AGRICULTURE & NA LAND
BUY - SELL - RENT
99257 68291



// Swami Shreeji //

HariPrabodham Canada Cordially Invites





# શ્રીરામનવમી Shree Ramnavmi & શ્રીહરિ જયંતી Shree Hari Jayanti

Please join us with your family and friends to celebrate the auspicious occasion of Shree Ramnavmi & Shree Hari Jayanti, which includes a unique cultural program.

**Saturday March 28, 2026 at 4:30 PM**

Followed by Aarti and Prasad

**Please join us at:**

**Yogi Divine Society Canada**

Hindu Swaminarayan Mandir and Cultural Centre

6875 Professional Ct, Mississauga ON L4V 1Y3

(905) 678-1166